**તેજી હોય કે પછી મંદી,**
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.com
www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad (Gujarat)
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
Reg. under RNI NO. GUJGUJ/2012/48123

**નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે**

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
NIRMAL METRO
દૈનિક
● વર્ષ : ૧ ● અંક : ૯૯ ● તા.૨૩.૦૪.૨૦૧૩, મંગળવાર ● ચૈત્ર સુદ ૧૨ ● સં. ૨૦૬૯ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# બોસ્ટન બાદ આઈપીએલ પર આતંકવાદીઓનો ડોળો

**આતંકવાદીઓ સેટેલાઈટ ફોન દ્વારા માહિતીની આપ-લે કરતા હોવાને કારણે સુરક્ષા એજન્સીઓ દ્વારા સેટેલાઈટ ફોન ટ્રેસ કરી આતંકી વચ્ચે થઈ રહેલા સંદેશાવ્યવહારને આંતરી લેવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે**

**નવી દિલ્હી, તા. ૨૨**

હાલમાં અમેરિકાની પ્રતિષ્ઠિત ગણાતી બોસ્ટન મેરેથોન દરમિયાન ધડાકાઓની કાર્યવાહી બાદ આતંકવાદી સંગઠનોએ આઈપીએલને લોહિયાળ બનાવવા કમર કસી હોવાનો અહેવાલ આઈબીએ આપ્યો હતો અને આ અંગે એલર્ટ જારી કરતાં સુરક્ષા એજન્સીઓએ આઈપીએલને સલામત બનાવવાની કવાયત હાથ ધરી છે.

ઈન્ટેલિજન્સ બ્યુરોએ આ અંગેએલર્ટ જાહેર કરી બેગ્લોર,હૈરાબાદ, પૂણે મુંબઈ અને દિલ્હી સહિતના શહેરોમાં સુરક્ષા સઘન બનાવવાની સૂચના આપી છે.આઈ.બીની સૂચનાના આધારે આ બધા શહેરોમાં સુરક્ષાને લઈને જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. અમેરિકાના બોસ્ટનમાં થયેલા બોમ્બ ધડાકાને લીધે સમગ્ર દેશમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ઈન્ટેલિજન્સ બ્યુરોએ બોસ્ટન મેરાથોનમાં થયેલા ધડાકા બાદ આઈપીએલને વધારે સલામત બનાવવાની સલાહ આપી છે.ઈન્ડિયન મુઝાહીદ્દીન દ્વારા આતંકી હુમલાને ધ્યાનમાં રાખીને આઈબીએ આ અંગે એલર્ટ જાહેર કરતાં ભારત સરકારે આઈપીએલ અંગે આ મુદ્દે સાવધાની વર્તવી જોઈએ. અમદાવાદ, બેગ્લોર, હૈદરાબાદ,પૂણે, મુંબઈ, અને દિલ્હી જેવા શહેરોમાં ખાસ સાવધ રહેવા કહેવાયું છે. આ તમામ શહેરોની પોલીસને સતર્ક રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.આઈ.પી.એલ. મેચ રમાઈ રહી હોય તે સ્ટેડિયમમાં મજબુત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમજ સ્ટેડિયમ પર ખાસ એફ.એસ.એલ. અને ડોગ સ્કવોડ તૈનાત કરવામાં આવ્યા છે.આઈ.પી.એલ. મેચ નિહાળવા માટે આવતા દર્શકોનું પણ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.સ્ટેડિયમની ફરતે સી.સી. ટીવી.કેમેરા લગાવી જો કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાય તો તાત્કાલિક અટકાયત કરી સઘન પુછપરછ કરવામાં આવે છે. આ સિવાય ક્રિકેટરો માટે પણ ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ દ્વારા આતંકીઓની તમામ ગતિવીધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.આતંકવાદીઓ સેટેલાઈટ ફોન દ્વારા માહિતીની આપ-લે કરતા હોવાને કારણે સુરક્ષા એજન્સીઓ દ્વારા સેટેલાઈટ ફોન ટ્રેસ કરી આતંકી વચ્ચે થઈ રહેલા સંદેશાવ્યવહારને આંતરી લેવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.આઈ.પી.એલ. મેચ રમાઈ રહી હોય તેવા શહેરોમાં ખાસ સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.તેમજ સંવેદનશીલ વિસ્તારોમાંસઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.ભારતમાં રમાઈ રહેલીઆઈ.પી.એલમાં વિશ્વભરનાખેલાડીઓ મેચ રમવા માટે ભારતઆવી પહોચ્યા છે. ત્યારે આ ખેલાડીઓની સુરક્ષાની જવાબદારી ભારત સરકારની હોય છે તેમાંય શ્રીલંકામાં ક્રિકેટ ખેલાડીઓ પર થયેલા હુમલા બાદ દરેક સરકારો આ ખેલાડીઓની સુરક્ષા પર ખાસ ધ્યાન આપે છે તેમાંય હાલમાં કર્ણાટકમા ચુંટણી પહેલા ધડાકાઓને ધ્યાનમાં રાખીને પણ એવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો આઈપીએલને ખોરવવા તૈયારી કરી રહ્યાં છે આ પહેલા પણ બેંગ્લોરમાં આઈપીએલ દરમિયાન ધડાકાઓ થયા હતાં.

## આતંકવાદ મામલે મનોહર જોશીનાં નિવેદનથી વિવાદ

**મુંબઈ, તા. ૨૨**



શિવસેનાનાં વરિષ્ઠ નેતા મનોહર જોશીએ હાલમાં આતંકવાદનાં મામલે આક્રમક વલણ અપનાવ્યું હતું અને તેમણે લોકોને આતંકવાદનો સામનો ગાંધીગીરીથી નહી પણ જડબાતોડ જવાબ આપીને કરવાની સલાહ આપી હતી. તેમનાં આ નિવેદનથી ખળભળાટ મચી ગયો છે.માણગાંવમાં આયોજિત શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની સભામાં મનોહર જોશી રંગમાં આવી ગયા હતા અને તેમણે આ નિવેદન કર્યુ હતું.

જો કે મનોહર જોશી એ નેતા છે જે પોતાના નિવેદનોને કારણે હંમેશા ચર્ચામાં રહે છે.શિવસેના પ્રમુખ બાલ ઠાકરેનાં નિધન બાદ તેમણે બાલાસાહેબનાં સ્મારકનો મુદ્દો ઉભો કર્યો હતો.શિવાજી પાર્કમાં બાલા સાહેબનું સ્મારક ઉભુ કરવાનો તેમનો આગ્રહ હતો.આ માંગણી વિશે ચારેકોર ટીકા કરવામાં આવ્યા બાદ ઉદ્ધવ ઠાકરેએ તેમાં હસ્તાક્ષેપ કરીને વાદવિવાદ પર પડદો પાડ્યો હતો ત્યારે માણગાંવની સભામાં તેમનાં ભાષણે વિવાદ જગાવ્યો છે.માણગાંવમાં ઉદ્ધવની જાહેર સભા પહેલા તેમણે વક્તવ્ય આપ્યું હતું.ત્યારે તેઓ આક્રમક મિજાજમાં હતા તેમણે સભામાં હાજર રહેલા લોકોને ભડકાવવાનો પ્રયાસ કર્યો હતો.તેમણે કહ્યું હતુંકે આતંકવાદ, દુકાળ, મોંઘવારીનાં કારણે લોકોનાં હાલ બેહાલ છે અને આ તમામ સમસ્યાઓનો નિકાલ કરવામાં નિષ્ફળ ગયેલી સરકારનો કોઈ બંદોબસ્ત કરવો જ પડશે.




ગુજરાત યુનિવર્સિટિના કુલપતિ વિરૂધ્ધ સ્વીમીંગ પુલનો ખોટો ખર્ચ, ઉંચા ટેન્ડરે મળતિયાઓને કોન્ટ્રાકટ અને કહેવાતા ભ્રષ્ટાચાર વિરૂધ્ધ એન એસ યુ આઈના યુવાનોએ યુનિવર્સિટી આગળ દેખાવો યોજયા હતા. કુલપતિ હઠાવવાની માગણી કરી હતી.

## ગુડીયા બળાત્કાર પ્રકરણ સંસદમાં ગુંજ્યુ

**સંસદની કામગિરી શરૂ થવાની સાથે વિપક્ષી નેતાઓ અધ્યક્ષની વેલમાં ધસી ગયા હતા અને ગુડીયાની સાથે દુષ્કર્મ કરનારાઓને ફાંસી આપો જેવા નારા લગાવ્યા**

**નવી દિલ્હી, તા. ૨૨**



સંસદમાં આજથી શરૂ થયેલા બજેટ સત્રનાં બીજા તબક્કામાં પણ વિપક્ષ માટે આમ તો સત્તા પક્ષને ભીંસમાં લેવા માટે ટુજીનો મુદ્દો હતો જ હવે તેમનાં હાથમાં હાલમાં જ દિલ્હી ખાતે એક માસુમ બાળકની પર થયેલા બળાત્કારનો મુદ્દો આવ્યો છે જે થકી તેમણે સત્તાપક્ષને ભીસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો અને આ હોબાળાને કારણે જ એક સમયે બપોર સુધી સંસદની કામગિરી સ્થગિત કરવામાં આવી હતી.

આમ તો બજેટસત્રનો પહેલો તબક્કો પણ વિપક્ષના આ પ્રકારના વલણને કારણે જ ખોરવાયો હતો ત્યાં બીજા તબક્કાનાં પહેલા જ દિવસે સંસદની કામગિરી શરૂ થવાની સાથે વિપક્ષી નેતાઓ અધ્યક્ષની વેલમાં ધસી ગયા હતા અને ગુડીયાની સાથે દુષ્કર્મ કરનારાઓને ફાંસી આપો જેવા નારા લગાવ્યા હતા પરિણામે મીરાકુમારે કાર્યવાહી બાર વાગ્યા સુધી સ્થગિત કરી હતી.

ભાજપ અને ડાબેરીઓ સહિત બધાજ વિપક્ષી દળોએ દિલ્હીમાં એક પાંચ વર્ષની બાળકી પર થયેલા બળાત્કારની ઘટનાની આકરી નિંદા કરી હતી.તેમણે આ કાંડના આરોપીઓને કડકમાં કડક સજા કરવાની માંગ કરી હતી.તેમણે દિલ્હી પોલીસની રેઢિયાળ કામગિરી સામે પણ આકરો રોષ વ્યક્ત કર્યો હતો.ઘણાં નેતાઓનું માનવું છે કે પોલીસે જો સમયસર કાર્યવાહી કરી હોત તો બાળકીની આ દશા ન થઈ હોત. જો કે આ મામલો તો અનાયાસે જ વિપક્ષનાં હાથમાં આવી ગયો છે તેમણે સરકારને કોલસા કૌભાંડ અને ટુ જી પર પણ ઘેરવાનો વ્યુહ બનાવ્યો છે.આ ઉપરાંત સંસદમાં પ.બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે થયેલા દુર્વ્યવહારનાં મામલે પણ વિરોધ પ્રદર્સન કર્યુ હતું. ટીએમસીનાં નેતાઓએ જણાવ્યું હતું કે પાર્ટીનાં તમામ સાંસદ સંસદ પરિસરમાં લાગેલી મહાત્મા ગાંધીની મુર્તિની નીચે એકઠા થઈને આ મુદ્દે પોતાનો વિરોધ નોંધાવશે.યોજના પંચનાં ઉપાધ્યક્ષને મળવા આવેલ અમિત મિત્રાની સાથે કેટલાક એસએફઆઈનાં કાર્યકરોએ દુર્વ્યવહાર કર્યો હતો. આ મામલે જો કે કેન્દ્રએ તપાસનાં આદેશ આપ્યા છે.મમતાતો આ વ્યવહારથી એટલા અકળાયા હતા કે તેમણે ફરી દિલ્હીમાં પગ નહી મુકવાની વાત કરી હતી જે મામલે મોન્ટેકસિંહે તેમની માફી પણ માંગી હતી.

## ગુડીયા રેપકાંડનો બીજો નરાધમ બિહારથી ઝડપાયો

**પ્રદીપને બિહારની એસટીએફ અને દિલ્હી પોલીસે ઝડપ્યો : મનોજ અને પ્રદીપનું કૃત્ય જોતા તેમને ફાંસી થવાની શક્યતા**

**નવી દિલ્હી, તા. ૨૨**

દિલ્હીમાં પાંચ વર્ષની માસુમ બાળા સાથે દુષ્કર્મની ઘટનાથી ફરીથી દેશમાં રોષનો વંટોળ ફાટી નિકળ્યો છે અને તેના કારણે જ દિલ્હીપોલીસનીકામગિરી પણ ઝડપી થઈ જવા પામી છે આ મામલે નરાધમ મનોજે બીજો એક વ્યક્તિ પણ રેપમાં સંડોવાયેલો હોવાની વાત કર્યા બાદ પોલીસે તે બીજા આરોપીને ગઈ મોડી રાત્રે બિહારથી ઝડપી પાડ્યો છે જેને દિલ્હી લાવીને પોલીસ બન્ને આરોપીઓને સામસામે બેસાડીને પુછપરછ કરશે.

આ પહેલા પોલીસે શનિવારે પ્રથમ આરોપી મનોજને પણ બિહારથી ઝડપ્યો હતો.પ્રદીપ નામનો બીજો આરોપી પણ ત્યાંથી જ ઝડપાયો છે.તે દરભંગાનો વતની છે અને મનોજનો મિત્ર છે. તે થોડા સમય પહેલા જ બિહારથી કામની શોધમાં દિલ્હી આવ્યો હતો.પ્રદીપને બિહારની એસટીએફ અને દિલ્હી પોલીસે ઝડપ્યો હતો.

જો કે આ કેસમાં પ્રદીપની ભૂમિકા અંગે પોલીસે કોઈ ખુલાસો કર્યો નથી.દિલ્હી લાવીને તેને મનોજની સામે બેસાડીને તેની પુછપરછ કરાશે.દિલ્હીમાં આ મામલે લોકોનો ગુસ્સો સાતમા આસમાને છે અને દેખાવોમાં કોઈ જ ઘટાડો થયો નથી.લોકો એ વડાપ્રધાન અને સોનિયા ગાંધીનો પણ ઘેરાવો કર્યો હતો. સાથોસાથ પોલીસ હેડક્વાર્ટર, ઈન્ડિયા ગેટ અને બાળકી જ્યાં દાખલ છે તે ત્યાં પણ લોકો હાજર રહ્યાં હતા.

પોલીસનાં જણાવ્યા અનુસાર મનોજ અને તેના મિત્રએ પંદરમી એપ્રિલે સાંજે તે માસુમનું અપહરણ કર્યુ હતું અને તેને પોતાની રૂમમાં લઈ ગયા હતા જ્યા તેને ખાટલામાં દોરી વડે બાંધી દીધી હતી.મનોજના મોબાઈલમાંથી પોલીસને ઘણી અશ્લિલ વીડિયો ક્લિપ મળી છે બંનેએ દારૂનો નશો કર્યો હતો અને આ વીડિયો જોઈને જ બાળકી સાથે દુષ્કૃત્ય કરતા હોવાનું પોલીસ જણાવી રહી છે.આ વીડિયો જોઈને જ કેટલાક વિચિત્ર કૃત્યો કર્યા હતા.બાળકીનાં શરીરમાંથી બોટલ અને મીણબત્તી મળી આવી હતી.

ઉલ્લેખનીય છે કે હાલમાં બનેલા કાયદામાં બળાત્કારનાં મામલે છેલ્લામાં છેલ્લી સજા ફાંસી છે ત્યારે મનોજ અને પ્રદીપનું કૃત્ય જોતા તેમને ફાંસી થવાની શક્યતા છે.

## ગોધરા કાંડની તપાસ નીતિશે થવા દીધી ન હતી : લાલુ

**તેમણે દાવો કર્યો હતો કે બિહારમાં આ સરકાર લાંબો સમય સુધી ચાલવાની નથી**

**છપરા, તા. ૨૨**



રાષ્ટ્રીય જનતા દળનાં અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે બિહારનાં મુખ્યમંત્રી નીતિશ કુમારને હવે ૨૦૦૨નાં ગુજરાતનાં તોફાનોમાં લપેટામાં લેવાનો પ્રયાસ કરતા આરોપ લગાવ્યો છે કે નીતિશે ગોધરાકાંડની તપાસ થવા દીધી ન હતી જેના કારણે ગુજરાતમાં દિવસો સુધી તોફાનો ચાલ્યા હતા.ત્યારે કેન્દ્રમાં એનડીએની સરકાર હતી અને નીતિશ રેલમંત્રી હતા.

આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવે આગાહી કરી છે કે નીતિશની સરકારનું ટુંક સમયમાં જ ધબો નમાયઃ થવાનું છે. જો કે તેમણે તો ૨૦૦૨નાં તોફાનો અંગે જ વધારે ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું અને આરોપ લગાવ્યો હતો કે જો નીતિશ સેક્યુલર હોત તો તેમણે ત્યારે આ મામલે તપાસનો આરંભ કર્યો હોત પણ ત્યારે તેઓ સાંપ્રદાયિક શક્તિઓનાં દબાણમાં હતા અને આજે પણ તે એમની સાથે જ મળીને બિહારમાં ગઠબંધન સરકાર ચલાવી રહ્યાં છે.તેમણે દાવો કર્યો હતો કે બિહારમાં આ સરકાર લાંબો સમય સુધી ચાલવાની નથી.નીતિશ સરકારમાં મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે.ઘણાં મુસ્લિમોને આતંકવાદી ગણાવીને તેમની ધરપકડો થઈ છે.જ્યારે અન્ય રાજ્યોની પોલીસ આવીને બિહારનાં મુસ્લિમોને આતંકવાદી ગણાવીને તેમની ધરપકડ કરે છે ત્યારે પ્રદેશની સરકાર કશું જ કરતી નથી.

## મલાલા સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પોતાના જન્મદિને વકતવ્ય આપશે

**૧૨મી જુલાઈ મલાલાનાજન્મદિવસને વિશ્વભરમાં 'મલાલા-ડે' ઉજવવાની જાહેરાત આ પહેલા જ સંયુકત રાષ્ટ્રસંઘ કરી ચુક્યુ છે**

**લંડન, તા. ૨૨**



છોકરીઓના શિક્ષણની તરફેણકરવા પર તાલિબાન દ્વારા માથામાં ગોળી ખાઈને વિશ્વભરમાં જાણીતી થઈ ગયેલી પાકિસ્તાની મૂળની બાળા મલાલા યુસુફ ઝઈ પોતાના ૧૬મા જન્મદિવસના પ્રસંગેતા.૧૨ મી જુલાઈના રોજ સંયુક્તરાષ્ટ્રમાં યુવાનોની એક બેઠકને સંબોધિત કરશે. મલાલાનો જન્મદિવસ દુનિયાભરમાં 'મલાલા-ડે' તરીકે ઉજવવામાં આવશે.વૈશ્વિક શિક્ષણ માટેના સંયુક્તરાષ્ટ્રના વિશેષ દૂત ગોર્ડન બ્રાઉને હાલમાં જ જણાવ્યું હતુ કેમલાલા છોકરીઓ માટેના શિક્ષણ અભિયાન વિષયે દ્રઢ છે અને તે યુનોમાં વિશેષરૂપે આયોજીત દુનિયાભરમાંથી આવેલા યુવાનોની બેઠકને સંબોધિત કરશે. યુનોના અધ્યક્ષ, અધ્યક્ષવુક જૈરેમિક અને વૈશ્વિક શિક્ષણસંબંધિત બાબતોના સંયુક્તરાષ્ટ્રના વિશેષ દૂત ગોર્ડન બ્રાઉન દ્વારા મલાલાના આ પ્રથમ ભાષણનું આયોજન કરવામાં આવ્યુ છે. સાર્વભૌમિક પ્રાથમિક શિક્ષણના સંરક્ષણ માટે આયોજીત યુથ કેમ્પેઈનની શરૂઆતના પ્રસંગે વિશ્વભરના લગભગ ૪ હજાર યુવાનો ભાગ લેનાર છે.ઉલ્લેખનીય છે કે દુનિયાભરના લગભગ છ કરોડ દસ લાખ લોકોઆજે પણ પ્રાથમિક શિક્ષણથી વંચિતછે. બ્રાઉને જણાવ્યુ હતુ કે મલાલા વિશ્વભરમાં છોકરીઓના શિક્ષણ માટે એક સાચી પ્રેરણા અને તેજસ્વી તારા સમાન છે. તેના આ સાહસ અને દ્રઢ સંકલ્પ માટે તેની પ્રશંસાકરૂ છું. બ્રાઉને વધુમાં મલાલાની પ્રશંસા કરતાં કહ્યુ હતુ કેમને આશા છે કે પ્રત્યેક છોકરા છોકરીઓને સ્કુલ સુધી પહોંચાડવાના આ અભિયાનમાં મલાલા એક સાચા નેતા તરીકે ઉભરશે. બ્રિટનના બર્મિંગહામમાંસારવાર બાદ મલાલા પોતાનીસ્કુલમાં તો પરત ફરી છે. પરંતુ તેણેહજુ સુધી કોઈ સાર્વજનિક ભાષણઆપ્યુ નથી

## ગુડીયા રેપ કાંડ બાદ સરકારે ૫૪૬ સાઈટો પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો

**સાયબર ક્રાઈમ અને ગુપ્તચરશાખાનાં અહેવાલ અનુસાર સાઈઠ ટકા લોકો ઈન્ટરનેટ અને મોબાઈલ પર અશ્લિલ વીડિયો જુએ છે : દિલ્હી બળાત્કાર કાંડનાં આરોપીનાં મોબાઈલમાં અશ્લિલ વીડિયો મળ્યા**

**નવી દિલ્હી, તા. ૨૨**

દિલ્હીમાં સમગ્ર દેશને ખળભળાવી નાંખનાર પાચ વર્ષની માસુમ બાળા પર થયેલા અત્યાચારનાં મામલે સરકાર સફાળી જાગી છે અને તેણે પોર્નસાઈટો પર સકંજો મજબુત કરવાનો નિર્ણય લીધો છે.

દેશભરમાં એક પછી એક મહિલાઓ પર થઈ રહેલા અત્યાચાર અને બર્બરતાને જોતા સરકારે પોર્ન સાઈટો પર સકંજો મજબુત કરવાનો નિર્ણય લીધો છે.સાયબર ક્રાઈમ શાખા અને ગુપ્તચર વિભાગે સરકારને આ મામલે એક અહેવાલ સોંપ્યો છે જેમાં કહેવાયું છે કે સાઈઠ ટકા લોકો અશ્લિલ વીડિયો જુએ છે.

માહિતી અનુસાર સરકારની નજર હાલમાં ૫૪૬ સાઈટસ પર છે.જેમનાં પર લગામ લગાવવા માટે સરકારે ગુગલ અને યાહુ જેવી કંપનીઓની મદદ માંગી છે.

હાલમાં જ દિલ્હીમાં થયેલ જઘન્ય બળાત્કાર કાંડનાં આરોપીનાં મોબાઈલની તપાસ દરમિયાન તેમાંથી ઘણાં અશ્લિલ વીડિયો મળી આવ્યા હતા અન કહેવાય છે કે નશામાં આ દુષ્કૃત્યને અંજામ આપનારા બંને નરાધમોએ એ બાળકી પર અત્યાચાર કર્યો તેમાં આ વીડિયોની મહત્વની ભુમિકા છે તેમણે આ વીડિયો જોઈને જ તેના પર બળાત્કાર તો કર્યો હતો પણ તે સિવાય આ વીડિયોમાં દર્શાવાતી બિભત્સ કામગિરીને પણ એ માસુમ પર અજમાવી હતી. દવાખાનામાં સારવાર લઈ રહેલ આ માસુમનાં શરીરમાંથી ડોકટરોને એક બોટલ અને મીણબત્તી જેવી સામગ્રી મળી આવતા તબીબો પણ ચોંકી ઉઠ્યા હતા ત્યારે આ પ્રકારનાં અપરાધો માટે આ પ્રકારનાં અશ્લિલ વીડિયો જવાબદાર મનાય છે તેમાંય ડાઉનલોડિંગ કરી આપનારાઓ આ પ્રકારનાં વીડિયો માત્ર ૨૫ કે પચાસ રૂપિયામાં મોબાઈલમાં ફીડ કરી આપતા હોવાને કારણે તેમને સાયબર કાફેમાં જવાની કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની કોઈ જરૂર જ જણાતી નથી વળી આ વીડિયો પોર્નસાઈટ્સ પર મોટાભાગે વિનામુલ્યે મળી આવતા હોવાને કારણે દેશનાં દરેક રાજ્યમાં અને દરેક શહેરમાં આ અશ્લિલ વીડિયો આસાનીથી મોબાઈલ પર પહોંચી જતા હોય છે અને લોકો તેને જોઈને આ પ્રકારનાં ધૃણાસ્પદ કૃત્યો કરતાં હોવાનું આ અહેવાલમાં કહેવાયું છે.

## ગૃહમંત્રી શિંદેનો બફાટ : બળાત્કાર તો આખા દેશમાં થાય છે

**દિલ્હી પોલીસ કમિશ્નરે પોતાની જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કરીને કમિશ્નર પદેથી રાજીનામુ આપવા નનૈયો ભણ્યો**

**નવી દિલ્હી, તા. ૨૨**



એક પાંચ વર્ષની બાળકી પર બળાત્કારનાં મામલે જ્યારે આખો દેશ ખળભળાટ અનુભવી રહ્યો છે ત્યારે આપણાં દેશનાં ગૃહમંત્રી સંસદમાં બયાન આપે છે કે બળાત્કાર તો આખા દેશમાં થાય છે તે દિલ્હી પુરતા સીમિત નથી તો આ મામલે દિલ્હી પોલીસ કમિશ્નરે પોતાની જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કરીને કમિશ્નર પદેથી રાજીનામુ આપવા નનૈયો ભણ્યો હતો.

આખા દેશમાં આજે પણ આ મામલે દેખાવો થયાં હતા.દિલ્હીમાં લોકોનો આક્રોશ પરાકાષ્ટાએ છે ત્યારે વિપક્ષે સંસદમાં આ મામલે તોફાન મચાવી હતી ત્યારે ગૃહમંત્રી શિંદેએ સંસદમાં જણાવ્યું હતું કે કે બળાત્કાર માત્ર દિલ્હીમાં થતા નથી તે આખા દેશમાં થાય છે.એક તરફ લોકો આ મામલે દિલ્હી કમિશ્નરનું રાજીનામુ માંગી રહ્યા છે ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેમનાં રાજીનામાથી બળાત્કારની ઘઠનાઓ અટકવાની નથી આથી જો તેમના રાજીનામાથી જ આ ઘટનાઓ અટકવાની હોય તો તેઓ રાજીનામુ આપવા તૈયાર છે પણ તેમ થવાનું નથી આથી તે પોતાના પદ પરથી રાજીનામુ નહી જ આપે.જો કે તેમણે મીડિયા સાથેની વાતચીતમાં ખાતરી આપી હતી કે આ મામલે જે પણ ઢીલ કરશે તેની વિરૂદ્ધ કડક કાર્યવાહી કરાશે. લોકોનાં વિરોધને કારણે દિલ્હીના સત્તાધીશોને ત્રણ મેટ્રો સ્ટેશન બંધ કરવાની ફરજ પડી હતી.પોલીસે આ મામલે બીજા આરોપીની ધરપકડ કરી હતી તો હોસ્પિટલ દ્વારા જારી બયાનમાં કહેવાયું હતું કે છોકરીની હાલત સુધારા પર છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ચાલતી બસમાં એક યુવતી પર સામુહિક બળાત્કાર કરીને તેના પર બર્બરતા આચરવાનાં મુદ્દે દિલ્હી દિવસો સુધી અશાંત રહી હતી તેના થોડા સમય બાદ જ બનેલી આ ઘટનાને કારણે લોકોમાં આક્રોશ વધી જવા પામ્યો છે.

**નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે**
**જાહેરાત માટે સંપર્ક કરો**
**નરેન્દ્ર જોષી, ૯૮૨૫૦૬૫૩૮૭**
**જાહેરાત લાવી શકે તેવી વ્યક્તિઓએ સંપર્ક કરવો, આકર્ષક વળતર, રોજ એક કરોડ ઈ મેઈલ દ્વારા જાહેરાત અને જાહેરાત પછીનો સપોર્ટ પણ**

નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

# જળ એ જ જીવન

દેશમાં દરેક રાજ્યમાં ભૂગર્ભ જળનાં સ્તર ઉંડા ઉતર્યા છે ત્યારે તેના પર કેટલુંક ચિંતન સરકારી સ્તરે ચાલી રહ્યુ છે અને આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ખેડુતોને કેટલીક સલાહો આપવામાં આવી છે હાલમાં આપણી સિંચાઇ પદ્ધતિ ખામી ભરેલી છે જેમાં પાણીનો ભયંકર બગાડ થતો હોય છે જેટલું પાણી સિંચાઈમાં વપરાય છે તેના કરતા અનેક ગણું પાણી વેડફાઇ જતું હોય છે આથી તેમને સિંચાઈની કેટલીક અસરકારક પદ્ધતિઓ અપનાવવાની સલાહ અપાઇ રહી છે.પણ ખેડૂતો આ પદ્ધતિઓને લાગુ કરવામાં ત્યારે જ પૈસા લગાવશે જયારે પાણીના ભાવ વધારવામાં આવશે. પાણી સસ્તું અને પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ હશે તો ખેડૂતો આ ઉપકરણોમાં પૈસાનું રોકાણ નહિ કરે. તેથી જરૂરી છે કે, ખેડૂતોને અપાઈ રહેલી મફત વીજળીને તાત્કાલિક સમાપ્ત કરવામાં આવે. આ વધેલા ખર્ચની ભરપાઈ ઘઉં વગેરેના નિર્ધારિત મૂલ્યમાં વૃદ્ધિથી કરવી જોઈએ.

નવા ટ્યૂબવેલ લગાવવા માટે લાયસન્સ આપવામાં આવે. સમસ્યા એ છે કે, પહેલાં ખોદેલા ટ્યૂબવેલોથી પાણીનું અતિ દોહન ચાલુ રહેશે. જળસ્તરમાં જે વર્તમાન ઘટાડો થઈ રહ્યો છે તે ચાલુ રહેશે. માત્ર આ ઘટાડાની ગતિમાં વૃદ્ધિ નહિ થાય. આ મૂળ સમસ્યાનું હલ નથી. બીજી સમસ્યા સામાજિક ન્યાયની છે. જે લોકોએ પહેલાં ટ્યૂબવેલ લગાવી દીધા છે તેમને ભૂમિગત જળનું દોહન કરવાનો અવસર મળી જશે. જેઓ હવે ટ્યૂબવેલ લગાવવા માટે સક્ષમ થયા છે તેઓ સદાને માટે વંચિત રહી જશે.સમસ્યાને બીજી રીતે પહોંચી વળાય તેમ છે. દરેક ક્ષેત્રમાં અધિકતમ ઊંડાઈ નિર્ધારિત કરી દેવી જોઈએ. જેમકે, ૪૦૦ ફૂટ સુધી ડ્રીલિંગ કરવાની છૂટ આપવી જોઈએ. પહેલાં જેમણે આનાથી પણ ઊંડા ટ્યૂબવેલ ખોદ્યા હોય તેમને નિર્ધારિત ઊંડાઈ સુધી ભરી દેવા જોઈએ. આવું કરવાથી ૪૦૦ ફૂટની ઉપરનું જ પાણી કાઢી શકાશે. તેનાથી નીચેના પાણીનું જળસ્તર નહિ ઘટે. ખેડૂતો માટે ચેકડેમ વગેરે દ્વારા પુનર્ભરણ કરવું લાભપ્રદ થઈ જશે. કારણ કે તેમના દ્વારા પુનર્ભરણ કરવામાં આવેલ પાણી બીજા માટે કાઢવું સંભવ નહિ હોય.

સમસ્યાનો ત્રીજો હલ પાક ચક્રના નિર્ધારણથી નીકળી શકે છે. જોવા મળી રહ્યું છે કે ઓછા પાણીના ક્ષેત્રોમાં પણ પાણીની વધુ ખપત કરનારા પાકને ઉગાડવામાં આવી રહ્યા છે. અમુક પાક અમુક સ્થાન માટે યોગ્ય નથી હોતા. આ પાકોના ઉત્પાદનને તેને અનુકૂળ વિસ્તારમાં જ લેવાં જોઈએ. દરેક ક્ષેત્ર અમુક પ્રકારના પાક માટે સીમિત કરી દેવું જોઈએ. દરેક ક્ષેત્રમાં પાણીની ઉપલબ્ધતા જોઈને જ પાક ઉગાડવાની છૂટ આપવી જોઈએ. તેનાથી પાણીની ખપત નિયંત્રિત થશે અને ભૂમિગત જળ પર દબાણ આપોઆપ ખતમ થઈ જશે. યોજના પંચે પાણીની કિંમત વધારવી જોઈએ, ટ્યૂબવેલની અધિકતમ ઊંડાઈ નક્કી કરવી જોઈએ અને ક્ષેત્ર માટે અયોગ્ય પાકોના ઉત્પાદન પર પ્રતિબંધ લગાવવો જોઈએ. સાથોસાથ ખેડૂતોની વધેલી પડતરની ભરપાઈ ટેકાના ભાવ વધારી આપીને કરવી જોઈએ.આ માટે ખેડુતોમાં જાગૃત્તિની સાથોસાથ એ બાબત પણ ધ્યાને લાવવી જોઇએ કે આ પદ્ધતિઓ અપનાવવાથી તેમનો આર્થિક લાભ થાય તેમ છે જો ખેડુતોને પોતાનાં પાકનાં પોષણક્ષમ ભાવ મળી રહે તો તે કેટલીક પદ્ધતિઓનો અમલ કરવામાં ખચકાટ અનુભવશે નહી અને તેના કારણે ભૂગર્ભજળનું જે વધારે પડતું દોહન થઇ રહ્યુ છે તેના પર અંકુશ લાગવાની શક્યતા છે.

# અમેરિકામાં યોગ અંગે જડ માનસિકતા



આમ તો પશ્ચિમી જગતમાં અમેરિકાને તેની ઉદાર માનસિકતાને કારણે અલગ ઓળખ મળી છે પણ જેમ દરેક સમાજમાં હોય છે તેમ આ સમાજમાં પણ કેટલીક એવી કટ્ટરપંથી વ્યક્તિઓ અને વર્ગ અસ્તિત્વ ધરાવે છે જે રંગવાદ અને સંસ્કૃતિવાદમાં માને છે. તેઓ સહેલાઈથી અન્ય પંથીઓને કો ધર્મને અપનાવતા નથી આથી ત્યાં મુસ્લિમોનો વિરોધ થતો હોય તો સાથોસાથ હિન્દુઓનો વિરોધ થવો પણ સ્વાભાવિક છે.હાલમાં ત્યાં યોગનો વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે એ વાત યાદ રાખવા જેવી છે કે આ્એ જ અમેરિકા છે જેના ત્રાસને કારણે રજનીશને એ દેશનો ત્યાગ કરીને ભારત આવવું પડયુ હતું. ત્યારે તેમણે ત્યાંનાં બૌદ્ધિક વર્ગ પર ખાસ્સો પ્રભાવ પાડ્યો હતો જેના કારણે એક વર્ગ ખળભળી ઉઠ્યો હતો અને રજનીશનો ત્યાં ભારે વિરોધ થયો હતો. આમ તો રજનીશે પણ મુક્ત સેક્સની જ વાત કરી હતી પણ તેમને ત્યારે તેઓ સહન કરી શક્યા ન હતા. જો કે અમેરિકાએ તો ચાર્લી ચેપ્લીન જેવી વ્યક્તિને પણ રશિયાના જાસુસ ગણ્યા હોય અને આજીવન તેમને અન્ય દેશમાં રહેવું પડ્યું હોય તે પણ એટલી જ દુઃખદ વાસ્તવિકતા છે ત્યારે હાલમાં જે રીતે સમગ્ર અમેરિકામાં યોગ લોકપ્રિય થઇ રહ્યુ છે ત્યારે કેટલાક લોકોનાં પેટમાં તેલ રેડાઇ તેની નવાઇ નથી આ વર્ગે જ હવે તેનો વિરોધ કરવો શરૂ કર્યો છે.વ્હાઈટ હાઉસમાં ઈસ્ટર પર યોગ ઉદ્યાન બનાવવું એક મહત્વપૂર્ણ ઘટના છે. જો કે, સ્વામી વિવેકાનંદે લગભગ સવાસો વર્ષ પહેલાં અમેરિકામાં જ પહેલી વખત આધુનિક વિશ્વને યોગનો સંદેશ આપ્યો હતો, તેમ છતાં ચાર દાયકા પહેલાં સુધી મોટાભાગના પશ્ચિમી લોકો યોગાભ્યાસને હિન્દુ એક્રોબેટિક કહેતા હતા. સ્થિતિ ઝડપથી બદલાઈ અને આજે આખી દુનિયામાં યોગને સન્માન મળ્યું. જો કે, કટ્ટરપંથી ઈસાઈઓએ તેને હિંદુ ધર્મ-ચિંતનને પરોક્ષ રૂપે ઉત્તેજન આપવાનો પ્રયાસ ગણાવતાં ટીકા કરી. શાળાઓમાં યોગ શિક્ષણ આપવા વિરુદ્ધ કેલિફોર્નિયામાં પહેલાં જ એક કેસ ચાલી રહ્યો છે. રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પોતાના ભાષણમાં યોગને ધાર્મિક ક્રિયાકલાપ નહિ ગણાવીને તેના સ્વાસ્થ્ય સંબંધી પંથનિરપેક્ષ લાભનું ધ્યાન અપાવ્યું. અસલમાં યોગ ફક્ત વ્યાયામ નહિ, પરંતુ માનવતાના સૌથી મહાન દર્શન, ચિંતનનું જ એક અભિન્ન અંગ છે.

તેનું સૌથી સરળ પ્રમાણ એ છે કે જે મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં યોગની વ્યાખ્યા કરી છે, ખુદ તેમણે એ જ ગ્રંથોમાં મુખ્યત્વે આધ્યાત્મિક, દાર્શનિક સંદેશ આપ્યો છે. સહસ્રાબ્દિઓ પહેલાં કહેવામાં આવેલી એ વાતો જો આજે પણ લાભકારી હોય તો તેની શાશ્વસ સચ્ચાઈમાં કોઈ શંકા નથી રહેતી. આજે પણ સ્વામી વિવેકાનંદથી લઈને મહર્ષિ અરવિંદ, સ્વામી શિવાનંદ અને સત્યાનંદ સુધી કોઈ પણ સાચા યોગીએ યોગાભ્યાસને હિંદુ ધર્મ-ચિંતનથી અલગ કરીને નથી દર્શાવ્યો. વસ્તુતઃ તમામે નિરપવાદ રૂપે યોગ વિધિઓને સંપૂર્ણ જીવન દૃષ્ટિના અંગ રૂપે પ્રસ્તુત કરી. આ યોગ ગુરુઓની સંપૂર્ણ શિક્ષાઓમાં યોગથી સ્વાસ્થ્ય લાભની ચર્ચા ઓછી અને આધ્યાત્મિક, ચારિત્ર્યિક ઉત્થાનના વિચાર વધારે છે. એ તો તેમના યુરોપીય અનુયાયીઓએ પોતાની સીમિત સમજને કારણે યોગની સ્વાસ્થ્ય ઉપયોગિતા પર ભાર મૂક્યો. યોગને એ સીમિત દાયરામાં રાખીને જોવો યોગ્ય નથી. આ એવું છે જાણે ફક્ત વર્ણમાળાના જ્ઞાનને જ સંપૂર્ણ ભાષાનું જ્ઞાન માની લેવું અથવા કોઈ પુસ્તકની ભૂમિકાને જ આખું પુસ્તક સમજીને બાકીનો બૃહદ્ ભાગ છોડી દેવો. યોગ દર્શન મુખ્યત્વે એક જીવનદૃષ્ટિ છે જેનાથી મનુષ્ય આ સંસારમાં સાર્થક જીવન જીવતાં નિરંતર પોતાના ઉત્થાન તરફ આગળ વધે છે અને અંતે માનવ આત્મા પૂર્ણ રૂપે પરમાત્મામાં ભળી જઈને મુક્તિ પામે છે.

ગીતાના અઢારેય અધ્યાય યોગ શિક્ષા છે. ભગવાન કૃષ્ણએ અનેક પ્રકારે સમજાવ્યું છે, 'સમત્વં યોગ ઉચ્યતે'. એટલે કે સમભાવમાં સ્થિત થઈ શકવા તથા જ્ઞાન, કર્મ અને ભક્તિ ત્રણેય કોઈ પણ એકમાં નિષ્ણાત હોઈ શકવાની ક્ષમતા પ્રાપ્ત કરી લેવી જ યોગી હોવું છે. તેથી જેને યોગાભ્યાસ કહેવાય છે તે તો સચેતન હોવાના પ્રારંભિક ઉપક્રમ માત્ર છે. એ ગંભીરતાથી વિચારવાની વાત છે કે જયારે મામૂલી વ્યાયામરૂપમાં યોગાભ્યાસે આખી દુનિયાને આટલી સંમોહિત કરી ત્યારે યોગદર્શનને સંપૂર્ણ રૂપે સમજવું માનવતા માટે કેટલી મહાન ઉપલબ્ધિ હોઈ શકે છે?

આજે જ્યારે વૈજ્ઞાનિક પરીક્ષણ, ઉપયોગિતા અને બૌદ્ધિકતાની એટલી બોલબાલા છે ત્યારે જો હિંદુ યોગ દર્શનની વાતો બેકાર હોત તો માનવ બુદ્ધિ તેને સ્વયં ઠુકરાવી દેત. એવી સ્થિતિમાં ધમકી કે દબાણ કરીને યોગથી લોકોને વિમુખ કરવા પાછળ શું કારણ હોઈ શકે? ફક્ત એ જ કે જો દુનિયાના બિન હિંદુઓમાં યોગ પ્રત્યે રૂચિ વધી તો અંતે તેમનો મજહબી વિશ્વાસ નષ્ટ થઈ શકે છે. ઈસાઈઓને આવી જ ચેતવણી ૨૪ વર્ષ ફહેલાં દિવંગત પોપ જહોન પોલ દ્વિતીયએ વિસ્તારથી એક પુસ્તિકા લખીને આપી હતી. કંઈ આવી જ વાત મલેશિયાની નેશનલ ફતવા કાઉન્સિલે પણ કહી, જ્યારે ત્યાં મુસલમાનો માટે યોગાભ્યાસ વર્જિત કરવાનો ફતવો જારી થયો. જો કે ત્યાં મોટાભાગના મુસ્લિમો તેને ખેલકૂદના લોકપ્રિય રૂપમાં જ લે છે. ભારતીય મુસલમાનોમાં પણ યોગથી દૂર રહેવા જણાવાય છે. તેથી જ્યારે કેટલાક પાદરીઓએ ઓબામાના યોગ ઉદ્યાનની આલોચના કરી તો તેને માત્ર અજ્ઞાન જ ન માનવું જોઈએ. મોટાભાગના ઈસાઈ તેના યોગને સ્વાસ્થ્ય લાભની નજરે જોવાના વિરોધી છે. યુરોપના બાપ્ટિસ્ટ અને આંગ્લિકન ચર્ચે પણ સ્કૂલમાં યોગાભ્યાસ પ્રતિબંધિત કરવાની માંગ કરી હતી. ક્રોએશિયાની શાળાઓમાં ચર્ચના દબાણથી યોગશિક્ષા હટાવી દેવાઈ.

અબ્રાહમી ધાર્મિક મતવાદની બંને ધારાઓ યોગથી એક જ કારણે અંતર રાખે છે કે તે હિંદુ ધર્મનું અંગ છે અને તેના અભ્યાસથી ઈસાઈ કે મુસલમાન પોતાના મજહબથી દૂર થઈને હિંદુ ચિંતન તરફ વળી શકે છે. સૌથી પહેલાં તો હિંદુઓએ યોગાભ્યાસથી આગળ વધીને સંપૂર્ણ યોગદર્શનને જાણવું જોઈએ. પોતાની નવી પેઢીની નિયમિત શિક્ષામાં આ ચિંતનનો સમુચિત પરિચય અવશ્ય કરો. એ સમજવું કે જો યોગ વ્યાયામમાં આટલી શક્તિ છે તો એ જ્ઞાનમાં કેટલી હશે જેમાંથી યોગસૂત્ર જેવી કાળજયી રચનાઓ નીકળી. ત્યાર બાદ યોગવિરોધીઓની સાથે સ્વસ્થ વિચાર-વિમર્શ પણ ચલાવવું જરૂરી છે. તે રેખાંકિત કરવું કે એક તરફ કોઈ વિચાર પ્રત્યે લોકોની સ્વતઃ રુચિ અને બીજી તરફ ચેતવણીઓના જોરે કોઈ મતવાદથી લોકોને જોડી રાખવાના પ્રયત્નમાં કેટલી મોટી વિટંબણા છે.

વ્હાઈટ હાઉસનો યોગ ઉદ્યાન અને તેના વિરોધ જેવી ઘટનાઓ અવસર આપે છે કે આપણે જરૂરી પરંતુ કઠીન વિષયોથી બચવાનું છોડીએ. એ જ આપણો ધર્મ છે. આમાં આપણું જ નહિ, સંપૂર્ણ માનવતાનું હિત જોડાયેલું છે. આવા નાના-નાના પ્રસંગોએ ખુલ્લો વિમર્શ વસ્તુતઃ મોટી મોટી સમસ્યાઓને ઉકેલવાના રસ્તા ખોલી શકે છે. આજે નહિ તો કાલે એ સમજવું પડશે.

# જળભંડાર પર સ્વસ્થ ચિંતન જરૂરી

યોજના પંચે ભૂમિગત જળના ઘટતા સ્તરને ગંભીરતાથી લીધું છે. જળ સંબંધે સ્ટ્રેટેજી પેપર લખાઈ રહ્યું છે, જે બારમી પંચવર્ષીય યોજનામાં જોડવામાં આવશે. વિશાળ તળાવ અને નદીઓમાં વરસાદનું પાણી એકત્રિત રહે છે. ટ્યૂબવેલની શોધ થયા બાદ આ પાણી ખેંચવું સંભવ થઈ ગયું. પાણીનો આ ભંડાર બેંકમાં જમા રકમની જેમ હોય છે. તમે ખાતામાં જેટલા પૈસા નાખો છો એટલું જ કાઢી શકો. વધુ કાઢવાનો પ્રયાસ કરશો તો ચેક બાઉન્સ થઈ જશે. આ જ રીતે ભૂમિગત જળનું જેટલું પુનર્ભરણ કરવામાં આવે છે એટલું જ તેને કાઢી શકાય છે. અર્થાત જેવું વાવીએ તેવું જ લણાય.

પાણી વધુ કાઢવાથી ભૂમિગત જળસ્તર ઘટી રહ્યું છે અને જેનાં દુષ્પરિણામ હવે મળી રહ્યાં છે. ખેડૂતોના બે વર્ગ છે. એક વર્ગ પ્રભાવી અને સમૃદ્ધ છે. બીજો ગરીબ અને કમજોર છે. સમૃદ્ધ વર્ગ ઊંડા ટ્યૂબવેલ ખોદીને ભૂમિગત તળાવોનું પાણી ખેંચી લે છે. પરિણામે આખા ક્ષેત્રનું ભૂમિગત પાણી નીચે ચાલ્યું જાય છે. જેમકે, ટાંકીમાંથી પાણી કાઢવાથી તેનું સ્તર નીચે જાય છે. આસપાસના નાના ખેડૂતોના કૂવા સૂકાઈ જાય છે. થોડા સમય પહેલાં એક ટ્યુબવેલ લગાવનારા નિષ્ણાતે કોઈ ગામમાં એક ટ્યૂબવેલનું ડ્રીલિંગ કર્યું. પાણી નીકળ્યુ. લોકો ખુશ થઈ ગયા. બીજા જ દિવસે પડોશી ખેડૂત દોડતો આવ્યો. તેણે કહ્યું કે તેનો કૂવો એકદમ સૂકાઈ ગયો છે. થયું એવું કે નવા ટ્યૂબવેલે સંપૂર્ણ ભૂમિગત જળ શોષી લીધું. તેથી પેલા નિષ્ણાતે બીજા કૂવામાં પણ ડ્રીલિંગ કરવું પડ્યું. અંતિમ પરિણામ એ આવ્યું કે બંનેનું પાણી વધુ ઊંડુ ચાલ્યું ગયું. પહેલાં સંચિત કરાયેલું પાણી કાઢી લીધા બાદ જલ્દી બંને ખેડૂતો પોતાની જૂની સ્થિતિમાં આવી ગયા. નિષ્કર્ષ એ છે કે, ભૂમિગત જળના અતિ દોહનથી લાભ સમૃદ્ધ ખેડૂતને થાય છે, જ્યારે કમજોર ખેડૂત પાણીથી વંચિત થઈ જાય છે.

ભૂમિગત જળના અતિ દોહનનું બીજું દુષ્પરિણામ એ છે કે, ધરતીના ગર્ભમાં પડેલ રસાયણો ઉપર આવી જાય છે. ધરતીમાં તમામ વિષયુક્ત રસાયણો હોય છે. જેવા કે, આર્સેનિક અને ફ્લોરાઈડ. તે ભૂમિગત તળાવના નીચલા હિસ્સામાં સુપ્ત પડી રહે છે. ઉપરના હિસ્સામાં નવા પાણીનું ભરણ થાય છે અને કાઢી લેવામાં આવે છે. ઊંડા ટ્યૂબવેલ ખોદવાથી ગર્ભમાં પડેલાં આ રસાયણો ઉપર આવી જાય છે. દેશના મોટા હિસ્સામાં આ રસાયણ પીવાના પાણીમાં પ્રવેશ કરી રહ્યાં છે અને રોગો વધી રહ્યા છે. આ પ્રકારે સમુદ્ર તટની નજીક ઊંડા કૂવા ખોદવાથી ગુજરાત વગેરે તટીય રાજ્યોમાં સમુદ્રનું ખારું પાણી પ્રવેશ કરી રહ્યું છે, જે સિંચાઈ યોગ્ય પણ નથી રહ્યું.

પાણીના અતિ દોહનથી આપણી નદીઓ સૂકાઈ રહી છે. પૂર્વમાં યમુનાનું પાણી બાર મહિને દિલ્લી પહોંચતું હતું. હવે હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં નદીના કિનારે ઊંડા ટ્યૂબવેલ લગાવી દેવાયા છે. હાથણીકુંડ બેરેજમાંથી પાણી છોડાયા બાદ ૨૦-૨૫ કિલોમીટરમાં જ પાણી સંપૂર્ણ ભૂમિમાં સમાઈ જાય છે. યમુનામાં ઉછરતી માછલીઓ અને કાચબા મરી રહ્યા છે. તીર્થયાત્રીઓને સ્નાન કરવા માટે પાણી રહેતું નથી. નદીના તટ પર નભતાં પક્ષીઓનો પણ ખો નીકળવા લાગ્યો છે. સંપૂર્ણ ક્ષેત્રનું પર્યાવરણ નષ્ટ થવા લાગ્યું છે. આ દુષ્પ્રભાવોને અટકાવવા માટે સલાહ આપવામાં આવી છે કે, સ્પ્રિંકલર અથવા ડ્રીપ પદ્ધતિએ જ સિંચાઈ કરવામાં આવે.

# માનવી જ નહી પણ પ્રાણીઓ પણ હોમોસેક્સ્યુઅલ

સજાતીય સંબંધો સદીઓથી ખુબ જ ચર્ચાસ્પદ વિષય છે અને આ સમગ્ર બાબતનો સ્વીકાર હજી સભ્ય કે બહુ ઉદાર કહેવાતા દેશો કે સમાજ દ્વારા પણ કરાયો નથી. પણ આ બાબતનું અસ્તિત્વ વર્ષોથી છે આમ તો કુદરતે વિજાતિય આકર્ષણની વૃત્તિ દરેક પ્રાણીમા મુકી છે જેના કારણે જીવ જગત પ્રજોત્પત્તિ કરી શકે છે અને એમ જીવનનો વિકાસ થતો રહે છે પણ સાથોસાથ કેટલીક હોર્મોનની ખામીને કારણે સજાતિય આકર્ષણ કે મહિલાઓમાં લેસ્બિયન વૃત્તિ પણ જોવા મળે છે ત્યારે વૈજ્ઞાનિકોને પ્રાણીઓનાં સંશોધન દરમિયાન પ્રાણીઓમાં પણ આ વૃત્તિ હોવાનું જાણવા મળ્યુ છે.સંશોધકોને હવાઇ ટાપુ પર લેસ્બિયન આલ્બેસ્ટ્રોસની જોડી જોવા મળી હતી.નર ડોલ્ફિન બોયફ્રેન્ડ રાખતા હોવાનું અને સીગલપક્ષીઓમા પણ લેસ્બિયન વૃત્તિ હોવાનું જણાયું હતુ જે પોતાનાં આ સંબંધોને કારણે પોતાનો વંશ ટકાવવા માટે બચ્ચુ દત્તક લઇને ઉછેરતા હોવાની આશ્ચર્યજનક માહિતી સંશોધકોને મળી છે.

ઘેટાઓનાં અભ્યાસ દરમિયાન એ જાણવા મળ્યું છે કે આ પ્રાણીઓમાં સૌથી વધારે સજાતિય સંબંધોની ટકાવારી જોવા મળી છે લગભગ આઠ ટકા ઘેટાઓ આ સંબંધ ધરાવે છે જો કે તે પણ સત્ય છે કે તેઓ માદા સાથે સંબંધ ધરાવે છે પણ તેઓ મોટાભાગે પોતાના નરસાથી સાથે વધારે સમય પસાર કરે છે આ જોડી સમાગમ કરતી નથી પણ તે આજીવન સાથે જરૂર રહે છે. જો કે આ પ્રકારનાં ઘેટાઓ ખેડુતોમાં વધારે લોકપ્રિય હોતા નથી કારણકે તેઓ તો વધારેને વધારે બચ્ચા ઇચ્છા છે.

૨૦૦૭માં સંશોધકો ઓહાયુમાં લેસન આલ્બેસ્ટ્રોસનો અભ્યાસ કરતા હતા જયાં સાઇઠ ટકા માદાઓ હતી તેમાંથી એકત્રીસ ટકા જોડીઓ લેસ્બિયન હોવાનું જણાયું હતું.તેમને આ અંગે નવાઇ લાગી અને તેમણે જયારે તેમનો નજીકથી અભ્યાસ કર્યો ત્યારે જણાયું કે આ જોડીઓ પરસ્પર એ તમામ ક્રિયાઓ કરતી જણાઇ હતી જે એક સાથીદાર સાથે તેઓ કરતા હોય છે તેઓ સાથે જ માળો બાંધતા હતા અને પરસ્પર ચોંચ લડાવીને પ્રણય કરતા અને એ તમામ પ્રવૃત્તિ કરતા જે એક માદા અન્ય નર સાથે કરે છે.તેમાંય જયારે આ જોડી સાથે હોય ત્યારે અન્ય માદા ત્યાં આવે તો તે તેના પર હુમલો પણ કરી દે છે.આ જોડી કે સંબંધ પાછો ક્ષણ જીવી કે ટુંકો હોતો નથી તેઓ લાંબો સમય સુધી એક બીજા સાથે રહે છે એક કેસમાં તો આ સંબંધ ઓગણીસ વર્ષ રહ્યો હોવાનું બહાર આવ્યું હતું.ન્યુઝીલેન્ડમાં રોયલ આલ્બાસ્ટ્રોસમાં પણ આ વૃત્તિ જોવા મળી હતી.

ડોલ્ફિનની બુદ્ધિમત્તા માનવ અને ચિમ્પાન્ઝી સમાન આંકવામાં આવે છે.તો તેની સામાજિક ક્ષમતાઓ અને સમજ પણ એટલી જ ગણાય છે ત્યાં પણ સેમ સેક્સ સંબંધો અસ્તિત્વમાં હોવાનું જણાયું છે.એક કેસમાં તો ગે ડોલ્ફિન કપલ સત્તર વર્ષ સાથે રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.સંશોધકોએ જ્યારે આ દિશામાં તપાસ કરી ત્યારે જણાયું કે ડોલ્ફિનમાં પણ સજાતીય સંબંધોની વૃત્તિ જોવા મળે છે.કેટલીક ડોલ્ફિન બાયોસેક્સ્યુઅલ હોવાનું પણ જણાયું છે જે સજાતિય સંબંધની સાથે વિજાતિય સંબંધોનો પણ આનંદ ઉઠાવે છે.

બોનોબોસ એ ચિમ્પાન્ઝીની નાની આવૃત્તિ સમાન ગણાય છે અને બુદ્ધિમત્તામાં પણ તે માનવીનો નજીકનો સંબંધી હોવાનું જણાય છે. તેઓ પણ સમુદાયમાં રહેતા હોય છે તેઓ ચિમ્પાન્ઝીની તુલનાએ વધારે સૌમ્ય સ્વભાવના હોય છે.અહી પણ નર નર વચ્ચે કે માદા માદા વચ્ચે તકરાર, ટક્કર જોવા મળે છે તો લેસ્બિયન સંબંધો પણ બોનોબોમાં સામાન્ય બાબત છે.એન્ડીઅન કોક ઓફ ધ રોક એ અદ્ભુત ગાતું પક્ષી છે.તેનો દેખાવ આકર્ષક હોય છે જયારે સંશોધકોએ તેનો અભ્યાસ કર્યો ત્યારે જણાયું કે તેમાં પણ ચાલીસ ટકા નર સજાતિય પ્રવૃત્તિમાં રસ ધરાવે છે.સી બર્ડનો અભ્યાસ કરાયો ત્યારે ત્યાં પણ નર પક્ષીઓ એકબીજા સાથે સંબંધ રાખતા હોવાનું જણાયું હતું તેમના એ ગે બિહેવિયર માટે કદાચ વધારે પડતી વસ્તી અને માદા માટે વધુ પ્રમાણમાં સંઘર્ષ પણ જવાબદાર હોઇ શકે છે.આ સંબંધો વડે તેઓ પોતાની સમાગમની



ઇચ્છાઓ પણ યોગ્ય રીતે વ્યક્ત કરી શકતા હશે.જેના કારણે આ પક્ષીઓની સામુદાયિક ભાવના વધારે મજબુત બનતી હશે.

આફ્રિકન સિંહોને આપણે સત્તાનું પ્રતીક ગણાવીએ છીએ આ ડાલામથ્થાઓને જોઇને ખરેખર નરકેસરીનું બિરૂદ તેમને યોગ્ય રીતે અપાયું હોવાનું લાગે છે.પણ આ પ્રાણીઓમાં પણ સેમ સેક્સ રિલેશનશીપના ઉદાહરણો જોવા મળે છે તેમાંય નર સિંહો પણ એક બીજા સાથે સંબંધ રાખતા હોવાનું બહાર આવ્યું છે.આમ તો



બિલાડ કુળનાં પ્રાણીઓમાં સિંહની જાતિય વૃત્તિ સૌથી મજબુત હોય છે જેના કારણે અન્ય નર સિંહો સાથે તેમને માદા માટે બાખડવાનું થતું જ હોય છે.ત્યારે આ નર સિંહોનું આ વર્તન પણ પક્ષીઓ જેટલું જ હેતુલક્ષી હોવાનું જણાય છે.

ઓસ્ટ્રેલિયાનાં શ્યામ હંસોમાં હોમોસેક્સ્યુઅલ બિહેવીયર બહુ મુક્ત રીતે જોવા મળે છે. ક્યારેક તો તેમનાંમાં થ્રીસમ સંબંધો પણ જોવા મળે છે જેમાં એક જ નર સાથે બે માદાઓ રહેતી હોય છે અને પોતાના માળા બાંધે છે ત્યારે માળાઓની રક્ષા કરવામાં માદાઓ થોડી કાચી પડતી હોવાને કારણે બે નરો સાથે મળીને કામ કરતા હોવાનું પણ જણાય છે.એક સંગ્રહાલયમાં બે માદા પેંગ્વિનની જોડીએ લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું અને તેમના સંબંધોતો મીડિયામાં પણ ચર્ચાસ્પદ બન્યા હતા. જયારે તેઓ મોટા થયા ત્યારે તેમણે ઇંડા પણ મુકયા હતા.આ પેંગ્વિન જયાં સુધી પોતાના ઇંડા આપતા થયા ન હતા તેઓ અન્યનાં માળામાંથી ઇંડા ચોરતા ઝડપાયા હતા.સંશોધકોએ એક તારણ એ કાઢ્યુ છે કે મોટાભાગે સોંગબર્ડ ગે સંબંધોમાં રસ ધરાવે છે જયારે જયારે અન્ય પક્ષીઓ એ અન્ય જાતિ સાથે સંબંધ રાખવામાં માને છે.સંશોધકોએ પોતાના અભ્યાસમાં પક્ષીઓમાં વધતા આ સંબંધો માટે જણાવ્યું છે કે દક્ષિણ અમેરિકામાં ખાણકામ દરમિયાન મર્ક્યુરીનું પ્રમાણ વાતાવરણમાં વધ્યુ હોવાને કારણે પક્ષીઓનાં હોર્મોનમાં આવેલ બદલાવને કારણે આ પ્રવૃત્તિમાં વધારો થયો છે.

વેસ્ટર્ન ગલ્સ પણ લેસન આલ્બાસ્ટ્રોસ સાથે સામ્ય ધરાવે છે.જો કે આમ તો તેઓ પફીન્સ સાથે વધારે નાતો ધરાવે છે. તેમની સમાગમની આ આખી સિસ્ટમ આલ્બાસ્ટ્રોસ સાથે વધારે મેળ ખાય છે.ત્યારે આ પક્ષીઓમાં પણ માદાઓ એક બીજા સાથે સંબંધમાં રત હોવાનું જણાય છે.કેલિફોર્નિયાની ચેનલ આઇલેન્ડમાં તો સંશોધકોને લગભગ ચૌદ ટકા જોડીઓ માદા માદાની હોવાનું જ નજરે ચઢ્યું હતું.આ સમુદાયનો અભ્યાસ કરાયો ત્યારે તેમનાં માળામાં અન્ય કરતા વધારે ઇંડા જોવા મળ્યા હતા કારણકે તેઓ અન્ય નર સાથે પણ સંબંધ ધરાવતી હતી.

ક્યારેક યુવાન જિરાફ માદા સાથે સંસર્ગ કરે તે પહેલા સજાતિય સંબંધો ટુંકા ગાળા માટે વિકસાવતા હોવાનુ જણાયું છે.તેઓ એકબીજા સાથે ટંગ કિસિંગ, ગરદનનો મસાજ અને એકબીજાને ભેટવાની પ્રવૃત્તિઓમાં લીન હોવાનુ સંશોધકોની નજરમાં આવ્યું હતું. સશોધકો માને છે કે તેઓ માદા સાથે સંસર્ગની ક્રિયા કરે તે પહેલા આ ક્રિયાઓની પ્રેકટિસ પોતાના નર સાથી સાથે કરી જુએ છે.

ચોમાસા બાદ આપણે એક જીવડાને સૌથી વધારે ઉડતા જોઇએ છીએ જેને આપણે વાણિયો કહીએ છીએ.આ જીવડાઓમાં પણ સજાતિય સંબંધ જોવા મળ્યા છે.સંશોધકોને પોતાના અભ્યાસમાં આ જીવડાઓમાં સજાતિય સંબંધોનું પ્રમાણ સૌથી વધારે જોવા મળ્યું છે.આ માટે વૈજ્ઞાનિકો પર્યાવરણીય સ્થિતિ અને માદાઓની કમીને કારણરૂપ ગણાવે છે.



**ક્યારેક યુવાન જિરાફ માદા સાથે સંસર્ગ કરે તે પહેલા સજાતિય સંબંધો ટુંકા ગાળા માટે વિકસાવતા હોવાનુ જણાયું છે.તેઓ એકબીજા સાથે ટંગ કિસિંગ, ગરદનનો મસાજ અને એકબીજાને ભેટવાની પ્રવૃત્તિઓમાં લીન હોવાનુ સંશોધકોની નજરમાં આવ્યું હતું**

FOR HIDDEN
MIDCAP SMALLCAP
MULTIBAGGER
IMMEDIATELY LOG ON
www.theeagleinvestor.co.in
CALL 09925002619
MR. ASHWIN SHAH ( K.P. KAMAAL)

## રાજસ્થાનમાં ગાજવીજ સાથે તોફાન અને કરા વર્ષા

**જયપુર, તા. ૨૨**

જેમ ગુજરાતમાં છેલ્લા પાંચ દિવસથી હવામાનમાં પરિવર્તન આવ્યું છે અને કમોસમી વરસાદ વરસી રહ્યો છે તેમ પાડોશી રાજય રાજસ્થાનમાં પણ ગાજવીજ અને તોફાન સાથે કેટલાક સ્થળોએ વરસાદ અને કરાવર્ષા નોંધાઇ છે જેમાં જયપુરમાં તો વીજળી પડવાને કારણે બે વ્યક્તિઓનાં મોત પણ નિપજયા છે.

જયપુરનાં દક્ષિણ વિસ્તારમા હવામાં ભેજનું પ્રમાણ વધી જતા અને પશ્ચિમી પવનો ફુંકાતા ગઇ સાંજે જોરદાર પવન અને વરસાદ પડ્યો હતો.આકાશી વીજળી પડવાથી ત્રણ નાગરિકોનાં મોત થયા છે.જયારે ત્રણને ઈજા પહોંચી હતી.કાનોતાના નાયલા રોડ પર ઝાડ પર વીજળી પડવાથી ઘટનાસ્થળે જ એક વ્યક્તિનું મોત થયું હતું. જયપુરમાં દિવસ દરમિયાન મોસમનો મિજાજ બદલાયો હતો અને સવારે જ્યાં વાતાવરણ ચોખ્ખુ હતું ત્યાં સાંજે કાળાડિબાંગ વાદળો ઘેરાઇ ગયા હતા.તેમજ થોડીવારમાં તોફાની પવન ફુંકાવો શરૂ થઇ ગયો હતો.ત્યારબાદ ધોધમાર વરસાદ શરૂ થઇ જતા જયપુરમાં ચોતરફ પાણી જ પાણી થઇ ગયું હતું.વરસાદ એટલા પ્રમાણમાં પડ્યો હતો કે જ્યાં સવારમાં ધુળની ડમરીઓ ઉડતી હતી ત્યાં ઘુંટણ સમા પાણી ભરાઇ ગયા હતા.ઉદયપુરમાં તોફાની વરસાદ સાથે કરા પડ્યા હતા.જેના કારણે પાકને ભારે નુકસાન પહોચ્યું છે.ઉદયપુરનાં ડુંગરપુર જિલ્લામાં આસપુર, શ્રીગંગાનગર, ભીલવાડા, ચિતોડગઢ, બાંસ્વાડા, ચુરૂ, સીકરમાં ભારે વરસાદ પડ્યો હતો અને તાપમાનમાં તેના પગલે ખાસ્સો ઘટાડો થઇ ગયો હતો.

Printed, Published and Owned by Shri Narendra Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079- 27451449, (M) 9825065387

# ઔરંગઝેબમાં ૠષિ સાથે જેકી ટક્કર લેશે

**મુંબઇ, તા. ૨૨**

ઔરંગ ઝેબનું પ્રથમ ટ્રેલર હાલમાં જ રજુ થયું હતું અને જોતજોતામાં આ ટ્રેલર સોશિયલ મીડિયા પર છવાઇ ગયું હતું અને સંખ્યાબંધ વ્યક્તિઓને આ ટ્રેલર ગમી રહ્યું છે.આ ફિલ્મનાં ટ્રેલરમાં ૠષિ કપુર અને જેકી શ્રોફની પરદા પર પ્રથમ વાર ટક્કરને દર્શાવવામાં આવી છે. આ કલાકારો લાંબા સમયથી બોલિવુડમાં કાર્યરત છે પણ બન્ને ક્યારેય આ પહેલા એક સાથે આવ્યા ન હતા.

પ્રથમ વાર તેમની ટક્કર ઔરંગઝેબમાં થઇ રહી છે.બંને પોતાની રીતે પ્રભાવશાળી અભિનેતા છે અને તેમણે મુખ્ય પાત્રોની સાથે ચરિત્ર પાત્રોને પણ જોરદાર રીતે ન્યાય આપ્યો છે તેમાંય જેકી તો હીરો, વિલન અને ચરિત્ર ત્રણેય પ્રકારની ભૂમિકાઓમાં સુપરહીટ રહ્યો છે. તો લાંબો સમય સુધી પરદા પર રોમેન્ટિક ભૂમિકાઓ ભજવનાર ૠષિકપુરે પણ અગ્નિપથમાં શાનદાર અભિનય આપીને તે ચરિત્ર ભૂમિકાને પણ યોગ્ય ન્યાય આપી શકે છે તે પુરવાર કર્યુ છે ત્યારે પરદા પર આ જુના જોગીઓની ટક્કર રસપ્રદ નિવડવાની આશા છે. જો કે યશરાજ ફિલ્મ્સની એ ખાસિયત છે કે તે દિગ્ગજ કલાકારોને એક સાથે પરદા પર રજુ કરવામાં સફળ રહ્યું છે.આ ફિલ્મમાં બન્ને એક બીજાનાં હરિફ દર્શાવવામાં આવ્યા છે જ્યાં ૠષિ એક પોલીસ અધિકારીની ભૂમિકામાં છે તો જેકી એક ક્રિમિનલની ભૂમિકા ભજવી રહ્યો છે.આથી પરદા પર પણ તેમની અસલ ટક્કર થવાની છે. યશરાઝની ઔરંગઝેબ આ વર્ષની મહત્વની ફિલ્મોમાંની એક છે.અર્જુનની આ બીજી ફિલ્મ છે જેમાં તે ડબલ રોલમાં ચમકી રહ્યો છે.ફિલ્માં સાશા આગા, પૃથ્વીરાજ અમૃતાસિંહ પણ મહત્વની ભૂમિકામાં નજરે ચઢશે.



# સંજયદત્ત વિરુદ્ધ બિનજામીન પાત્ર વોરન્ટ

**મુંબઇ, તા. ૨૨**

ફિલ્મ અભિનેતા સંજય દત્ત પર એક પછી એક મુસીબતો આવતી જ જાય છે એક તરફ તેના પર જેલ જવાનું જોખમ તો તોળાઇ જ રહ્યું છે ત્યાં હાલમાં તેને શકીલ નુરાનીને ધમકી આપવાનાં મામલે પોલીસે બિનજામીનપાત્ર વોરન્ટ થમાવ્યું છે.જેમાં તેની ધરપકડનાં અણસાર છે.

પહેલી માર્ચનાં રોજ મુંબઇની અંધેરીની અદાલતે સંજયદત્તને સમન્સ પાઠવી કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું હતું પણ તે કોર્ટમાં હાજર રહ્યો ન હતો.જેથી અદાલતે સંજયદત્ત સામે વોરન્ટ જારી કર્યુ છે.

સુત્રો તરફથી જાણવા મળતી માહિતી અનુસાર મુંબઇ પોલીસ ગમે ત્યારે સંજય દત્તની ધરપકડ કરી શકે છે.શકીલનુરાનીનો આરોપ હતો કે અંડર વર્લ્ડ ડોન દાઉદ



ઇબ્રાહીમ સાથે મળીને સંજયદત્તે તેને ધમકી આપી હતી.સંજયદત્તે ૨૦૦૨માં તેની ફિલ્મ જાનકી બાજી સાઇન કરી હતી પણ ત્યારબાદ તેણે અધવચ્ચે આ ફિલ્મ પડતી મુકી હતી જ્યારે શકીલે તેના પર ફિલ્મ પુરી કરવાનું દબાણ કર્યુ ત્યારે તેણે ઇન્કાર કર્યો હતો એટલું જ નહી ફિલ્મ માટે એડવાન્સ પેટે લીધેલા પચાસ લાખ રૂપિયા પણ આપવાનો સંજયદત્તે ઇન્કાર કર્યો હતો.

# રણવીર વિના બોમ્બે ટોકીઝ શક્ય ન હતી : દીવાકર બેનર્જી

**મુંબઇ, તા. ૨૨**

બોલીવુડે સો વર્ષની સફર પુરી કરી છે ત્યારે આ આખી સફર પર હાલમાં બોલિવુડનાં ચાર દિગ્દર્શકો મળીને બોમ્બે ટોકીઝ નામે ફિલ્મ બનાવી રહ્યાં છે જે ત્રીજી મેએ રિલીઝ કરવામાં આવશે જેમાં રણવીરની ભૂમિકા મહત્વપુર્ણ છે જે અંગે આ ફિલ્મનાં ચાર પૈકી એક દિગ્દર્શક દીવાકર બેનર્જીએ જણાવ્યું હતું કે આ ફિલ્મમાં રણવીર અનિવાર્ય બની ગયો હતો અને તેના વિના આ ફિલ્મ પુરી થઇ શકે તેમ જ ન હતી.



દીવાકરે જણાવ્યું હતું કે આ ફિલ્મની દરેક ફ્રેમમાં રણવીર છે જેઆ ફિલ્મની સાથે પડછાયાની જેમ જોડાયો છે.ફિલ્મોની સો વર્ષની સફર પર ચાર દિગ્દર્શકો એક સાથે આ ફિલ્મ બનાવી રહ્યાં છે તે વાત પણ એક રેકોર્ડ જેવી છે.

કરણ જોહર, જોયા અખ્તર, દીવાકર બેનર્જી અને અનુરાગ કશ્યપ સાથે મળીને આ સાહસ કરી રહ્યાં છે આ ફિલ્મમાં રણવીર ઉપરાંત અલગ જ લુકમાં આમીર, કેટરિના કૈફ, રાની મુખર્જી, અમિતાભ બચ્ચન સહિત અન્ય ઘણાં સ્ટાર્સની ઝાંખી આ ફિલ્મમાં જોવા મળશે.

# બિઝનેશ મેગેઝીનમાં ધોનીનાં ભગવાન સ્વરૂપ સામે ભારે વિરોધ

**નવી દિલ્હી, તા. ૨૨**

બહારના દેશોમાં ભારતીય દેવી દેવતાઓની મશ્કરી કરાય કે તેમના વિશે કોઇ અભદ્ર ટીપ્પણી કરાય તે તો સમજ્યા પણ ભારતમાં કોઇ બિઝનેશ માટે લોકોની ધાર્મિક લાગણીઓ દુભવવા સુધી પહોંચી જાય તે અકલ્પનીય બાબત છે પણ હાલમાં જ એક બિઝનેશ મેગેઝીનમાં ટીમ ઇન્ડિયાના કપ્તાન મહેન્દ્ર સિંહ ધોનીને ભગવાન સ્વરૂપ દર્શાવીને તેના હાથમાં જુતુ ધારણ કરતો દર્શાવવામાં આવતા ભારે વિરોધ થયો છે.જેની સામે હિન્દુ સંગઠનોએ નારાજગી દર્શાવી છે.

તરનતારન ખાતે કેટલાક સંગઠનોએ વિરોધ કર્યો હતો.ત્યાં હાજર રહેલા લોકોમાં ભારે ઉશ્કેરાટ હતો અને તેમણે ત્યા ટ્રાફીક જામ કરી દીધો હતો.દેખાવકારોએ માંગણી કરી હતી કે મેગેઝીન અને ધોની પર કેસ કરવામાં આવે.આ મેગેઝીનનાં કવરપેજ પર ધોનીને વિષ્ણુરૂપમાં દર્શાવવામાં આવ્યો છે તેના હાથમાં મોબાઇલ, કોલ્ડ્રીંક, લેઇઝ, ડાબર ચ્યવનપ્રાસ, કોટ, ઓઇલ ઉપરાંત એક હાથમાં બ્રાન્ડેડ જુતુ બતાવવામાં આવ્યું છે.જેનાથી હિન્દુ સંગઠનો નારાજ થયા છે.લોકોએ તેના વિરોધમાં ધોનીનાં પોસ્ટર સળગાવ્યા હતા અને ટ્રાફિક જામ કરી દીધો હતો.




# મ્યુનિ. શાળાની દૂષિત પાણીની ઘટના પર પડદો પાડવા પ્રયાસ

## ગરીબ બાળકીના મોતને ન્યાય મળે એવી નહિંવત શક્યતા

**અમદાવાદ, તા. ૨૨**

હાલમાં અસારવાની એક મ્યુનિસિપલ સ્કુલમાં દુષિત પાણી પીવાથી એક બાળકીનું મોત નિપજ્યુ હતુ. તો ૩૦ થી વધુ બાળકો ગંભીર રીતે બિમાર પડ્યા હતા. જો કે આ ઘટનાની તપાસમાં મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ દ્વારા કોઈ પગલાં ભરવામાં આવ્યા નથી. ઉલ્ટાનું સમગ્ર ઘટનાને દબાવી દેવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જેના પગલે આગામી સમયમાં ગરીબ બાળકોને ન્યાય મળે એવી શક્યતાઓ નહિંવત છે. આ પાણીકાંડની તપાસ મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના ચેરમેન, જગદીશ ભાવસાર દ્વારા સ્કુલ બોર્ડના જ ઉચ્ચ અધિકારી સત્યેન્દ્રસિંહ ઠાકુરને સોંપવામાં આવી છે. ઠાકુર પાસેથી બે - ત્રણ દિવસમાં પાણી કાંડનો રીપોર્ટ મળી જશે એવું શરૂઆતમાં માનવામાં આવતું હતુ. જો કે તંત્રની ઢીલાશના કારણે હજુ સુધી આ રીપોર્ટ આવ્યો નથી. એટલું જ નહીં સમગ્ર મામલો દબાવી દેવા માટે પાછલા બારણેથી પ્રયત્નો થઈ રહ્યા હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે.

જો કે મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના સત્તાવાળાઓ દ્વારા દૂષિત પાણીકાંડના મામલે કઢાયેલા પ્રાથમિક નિષ્કર્ષ મુજબ ૩૦ થી વધુ બાળકો માંદા પડવા અને પૂજા પટેલ નામની માસુમ બાળકીનો ભોગ લેનાર આ કાંડના મામલે કોઈ દોષી પૂરવાર થશે. મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના ચેરમેન જગદીશ ભાવસારે તો ભારપૂર્વક જણાવ્યુ હતુ કે જે દિવસે શાળાના બાળકો માંદા પડ્યા હતા તે દિવસે પૂજા પટેલ શાળામાં આવી જ નહોતી. અને આ સમગ્ર ઘટનામાં પ્રાથમિક તપાસમાં મધ્યાહન ભોજનનો કે પીવાના પાણીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. જો કે ફરજના ભાગરૂપે ઠાકુર દ્વારા પાણીકાંડનો રીપોર્ટ રજુ કરવામાં આવશે. પરંતુ તેમાં કોઈને દોષિત ગણાવવામાં નહીં આવે તે સ્પષ્ટ થઈ ગયું છે. જેના કારણે ગરીબ બાળકીના મોતને ન્યાય મળે એવી નહિંવત શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે સંસદસભ્યોની ગ્રાંટના રૂપિયા એક કરોડના ખર્ચે આર.ઓ. પ્લાન્ટ વસાવવામાં આવ્યા છે. અને આ આર.ઓ.પ્લાન્ટમાંથી મ્યુનિસિપલ સ્કુલ બોર્ડના કુલ ૨૨૫ બિલ્ડીંગ પૈકી ૧૭૦ બિલ્ડીંગમાં શુદ્ધ પાણી આપવા આર.ઓ.પ્લાન્ટ લગાવવામાં પણ કૌભાંડ આચરવામાં આવ્ય હોય એવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વાડજમાં કિશોર સહિત ચાર પર તલવારના ઘા ઝીંકાયા

**અમદાવાદ, તા. ૨૨**

ગઈકાલે શહેરના વાડજ વિસ્તારમાં કેટલાક માથાભારે વ્યક્તિઓએ બપોરે ગાડીના કાચ તોડ્યા બાદ એક ૧૫ વર્ષના છોકરાને તલવારના ઘા ઝીંકી દીધા હતા. જે અંગે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. આથી આ મામલાની રીસ રાખી બીજા શખ્સોએ ઘરની વ્યક્તિઓ પર તલવારના ઘા મારી ઝીંકતા તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી.હાલમાં નારણપુરા પોલીસે આ અંગે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગેની વિગત એવી છે કે શહેરના વાડજ વિસ્તારમાં આવેલી ગોવિંદમુખીની ચાલીમાં રહેતા ભૂરો, વિજય ઉર્ફે સ્પાઈડરમેન, ગૌતમ ગણપત અને નયન નાનજીભાઈએ કોઈ કારણોસર ત્યાં જ રહેતા દેવસિંહ રામસિંહ ચાવડાની ઈન્ડીકા ગાડીનો કાચ તોડી નાંખ્યો હતો. પરંતુ આ સમગ્ર ઘટના દેવસિંહભાઈનો ૧૫ વર્ષીય પુત્ર જોઈ જતાં તેણે આ અંગે તેના કાકા અમીરભાઈને જાણ કરી હતી. આથી અમીરભાઈએ વિજય અને તેના સાગરીતોને ઠપકો આપ્યો હતો. આથી ઉશ્કેરાયેલા તત્ત્વોએ ૧૫ વષીય છોકરાને તલવારના ઘા ઝીંકી દેતા ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. આથી દેવસિંહ રામસિંહ ચાવડાએ ચારેય અસામાજીક તત્ત્વો સામે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આથી ગઈકાલે મોડી રાત્રે ઉશ્કેરાયેલા ભૂરો, વિજય, ગૌત્તમ નયન આ ચારેય મોડીરાત્રે અમીરભાઈના ઘરમાં ઘુસી ગયા હતા. અને મારામારી અને ગાળાગાળી શરૂ કરી હતી. તેમજ ઉશ્કેરાયેલા વિજયે અમીરભાઈના હાથના ભાગે તલવારના અસંખ્ય ઘા ઝીકી દીધા હતા. તેમજ હરેશભાઈ ચાવડાને પણ માથાના ભાગમાં તલવારના ઘા ઝીંકી દેતા ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. આ અંગેની જાણ નારણપુરા પોલીસને કરવામાં આવતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચતા તેઓ નાસી છુટ્યા હતા. અમીરભાઈ તેમજ હરેશભાઈને ગંભીર હાલતમાં સારવારાર્થે સ્થાનિક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલમાં નારણપુરા પોલીસે વિજય, ભૂરો, ગૌતમ અને નયન સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વાડજમાં ભારે તંગદિલી વ્યાપી જવા પામી હતી.

# એમએમએસનાં કારણે વિદ્યુત-મોના અલગ

**નવી દિલ્હી, તા. ૨૨**

ટીવી એક્ટ્રેસ મોનાસિંહનાં એમએમએસ સ્કેન્ડલને કારણે વિદ્યુત જામવાલ અને મોનાસિંહનાં સંબંધોમાં તિરાડ પડી ગઇ છે.હાલમાં વિદ્યુત મોનાની ઉપેક્ષા કરતો હોવાની ચર્ચા બોલિવુડ વર્તુળોમાં ચાલી રહી છે.

હાલમાં જ જ્યારે વિદ્યુતની ફિલ્મ કમાન્ડો રજુ થઇ ત્યારે તેના પ્રીમિયરમા મોના તેની સાથે જોવા મળી ન હતી અન્યથા આ બન્ને ઘણી વખત જાહેર સમારંભોમાં એકબીજા સાથે નજરે ચઢતા હતા ત્યારે આ તો વિદ્યુતની મહત્વાકાંક્ષી ફિલ્મનું પ્રીમિયર હતું આથી પત્રકારો અને કેમેરામેનો મોનાને શોધતા હતા.

આ પહેલા ચર્ચા એવીહતી કે આ બન્ને કલાકાર લગ્નનાં બંધનમાં બંધાવાની તૈયારી કરી રહ્યા છે.પણ આ સ્કેન્ડલને કારણે બન્નેનાં સંબંધોમાં ખટાશ આવી ગઇ છે. જો કે વિદ્યુત અને મોનાનાં એક કોમન ફ્રેન્ડનાં જણાવ્યા અનુસાર તેઓ



આ સ્કેન્ડલનાં કારણે પરેશાન છે અને તેની અસર તેમનાં જીવન પર પણ પડી છે જો કે તેમણે એક બીજાને છોડવાનો કોઇ નિર્ણય કર્યો નથી.વિદ્યુત એક સારો વ્યક્તિ છે અને તેને ખબર છે કે મોના સાથે અયોગ્ય થઇ રહ્યું છે અને આથી જ તે તેની પડખે છે.તેમનાં જ નજીકનાં મિત્રોનું કહેવું છે કે મોના હાલમાં જાહેરમાં આવતી નથી તેનુ એક કારણ એ છે કે તેને ખબર છે કે તેનો સામનો જ્યારે મીડિયા સાથે સામનો થશે ત્યારે તેઓ માત્ર એક જ પ્રશ્ન પુછવાના છે.હવે આ વાતમાં કેટલો દમ છે તે તો આગામી સમય જ જણાવશે.

# આવક વેરા વિભાગે કર ભરવામાં અખાડા કરતી બે કંપનીઓને નોટિસ આપી

## આવક વેરા વિભાગ દ્વારા રીકીટ બેફિસર લીમીટેડ અને યુનિકોર્ન ઈન્ડસ્ટ્રીને નોટીસ આપી

**અમદાવાદ, તા. ૨૨**

આવક વેરો બચાવવા પોતાની આવક કરમુક્તિનો લાભ મળે એવા ઝોનમાં સ્થપાયેલી પેટા કંપની કે યુનિટને ટ્રાન્સફર કરવા બદલ આવક વેરા વિભાગે બે કંપનીઓને નોટીસ ફટકારી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, સિક્કીમ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાચંલ, સહિત પાંચ રાજ્યોમાં ઉદ્યોગો સ્થપાય અને રોજગારી ઉભી થઈ શકે તે હેતુસર આવા રાજ્યોમાં સ્થપાયેલા યુનિટને ૧૦ વર્ષ માટે કરમુક્તિના લાભ આપવામાં આવે છે. આવક વેરા ધારાની કલમ ૮૦ આઈ.સી. હેઠળ અપાતી કરમુક્તિનો કેટલીક કંપનીઓ દ્વારા ગેરલાભ ઉઠાવીને આવક વેરો બચાવવા માટે મોટાભાગની આવક કરમુક્તિ ઝોનના યુનિટમાં ટ્રાન્સફર કરવામાં આવતી હોવાનું આવક વેરાના ધ્યાન પર આવ્યુ હતુ. દાખલા તરીકે ગુજરાતમાં સ્થપાયેલી કંપનીનું અન્ય યુનિટ હિમાચલ પ્રદેશમાં સ્થપાયું અને બંન્ને યુનિટનું રૂા.૫૦૦ કરોડથી વધુ વેચાણ અને આવક થઈ હોય તો ગુજરાતમાં સ્થપાયેલી કંપનીની આવક ઓછી દર્શાવીને તેના પર ઓછો ટેક્ષ ભરપાઈ કરીને મોટાભાગની રકમ હિમાચલ પ્રદેશના યુનિટની દર્શાવીને કરમુક્તિનો લાભ લઈને કરવેરો ભરવામાં ન આવે. આ પ્રકારે ઓછી આવક વેરો ભરપાઈ કરતી કંપનીઓ અંગે ચકાસણી કરાયા બાદ આવક વેરા વિભાગે બે કંપનીઓને નોટીસ ફટકારી છે. આ પ્રકારે કરપાત્ર ઓછી આવક બતાવીને ઓછો આવક વેરા વિભાગ દ્વારા રીકીટ બેફિસર લીમીટેડને નોટીસ આપી છે. આ કંપની અગાઉ પારસ ફાર્મા તરીકે ઓળખાતી હતી. આ કંપનીની કરપાત્ર આવકમાં રૂા.૫૬.૫૫ કરોડનો ઉમેરો કરાયો છે. આ જ પ્રકારે યુનિકોર્ન ઈન્ડસ્ટ્રીને નોટીસ આપી છે. અને તેની કરપાત્ર આવકમાં રૂા.૧૨.૭૦ કરોડનો ઉમેરો કરાયો છે.

# પ્રદુષણ મુદ્દે ગુજરાત પ્રદુષણ કંટ્રોલ પાસે ખુલાસો માંગતી હાઈકોર્ટ

**નવી દિલ્હી, તા. ૨૨**

રોડ બનાવવા માટે ડામરમાં કપચી ભેળવી બીટીમિન્સ કોંક્રીટ મટીરિયલ્સ તૈયાર કરવાના હોટમિક્ષ પ્લાન્ટના કારણે ફેલાતા પ્રદુષણના મામલે ગુજરાત હાઈકોર્ટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાસેથી ખુલાસો માંગ્યો છે.

ડીસા તાલુકાના જોરાપુર ગામે ચાલતા હોટ મિક્ષ પ્લાન્ટના કારણે સ્થાનિક પર્યાવરણ, આરોગ્ય અને જાહેરહિત સામે ગંભીર ખતરો ઉભો થયો હોઈ તાત્કાલિક ધોરણે આ પ્લાન્ટ બંધ કરાવવા દાદ માંગતી જાહેર હિતની રીટમાં ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જે.બી.પારડીવાલાની ખંડપીઠે રાજ્ય સરકાર, સરકારના રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગના સચિવ, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન, જીપીસીબીના પોલ્યુશન એન્જીનિયર, બનાસકાંઠાના જીપીસીબીના પ્રાદેશિક અધિકારી સહિતના સત્તાવાળાઓ વિરૂદ્ધ કારણદર્શક નોટીસ જારી છે. હાઈકોર્ટે આગામી મુદતે જાહેર હિતની રીટમાં કરાયેલા પ્રદુષણ સંબંધી આક્ષેપોના ખુલાસા સાથેનો રીપોર્ટ રજુ કરવા પણ જીપીસીબી સત્તાવાળાઓને તાકીદ કરી હતી. હાઈકોર્ટે પોલ્યુશનના મામલે આકરૂ વલણ અપનાવી કેસની વધુ સુનાવણી આગામી સપ્તાહમાં મુકરર કરી હતી. જોરાપુર ગામના સ્થાનિક ગ્રામજનો તરફથી હીરાભાઈ ચૌધરીએ કરેલી જાહેર હિતની રીટ અરજીમાં એડવોકેટ ભૂનેશ ચંદ્રકાંતભાઈ રૂપેરાએ રજુઆત કરતાં જણાવ્યુ હતુ કે રસ્તા બનાવવા માટે ડામર ગરમ કરીને તેમાં કપચી ભેળવી બીટુમીન્સ કોંક્રીટ મટીરીયલ્સ તૈયાર કરવાનું હોય છે. અને તેમના વિસ્તારમાં આ કોંક્રીટ મટીરીયલ્સ તૈયાર કરવાનો હોટ મીક્ષ પ્લાન્ટ ચાલીરહ્યો છે. આ પ્લાન્ટમાંથી કાર્બન ડાયોક્સાઈડ, વીઓસી, અને કાર્બન મોનોક્સાઈડ બહાર નીકળે છે. અને હવામાં ભળી રહ્યા છે. પરિણામે ખેતરો, કૂવા, જળસ્રોત પાકને ગંભીર નુકશાન થઈ રહ્યુ છે.

# મેયર અને સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેનની નિમણુંક મેનાં પ્રથમ સપ્તાહમાં

**અમદાવાદ, તા. ૨૨**

આગામી તા.૩૦મી એપ્રિલના રોજ મેયર કાઉન્સિલનાં અઢી વર્ષનાં નિયમ મુજબ મેયરની મુદત પુરી થતી હોઇ અને રોટેશન મુજબ હવે આ મેયર પદ મહિલા માટે અનામત હોઇ આગામી મહિલા મેયરની પસંદગી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા કવાયત હાથ ધરાઇ છે અને મેયર અને સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન પદે નિમણુંકનો તખ્તો મેનાં પ્રથમ સપ્તાહ સુધીમાં ગોઠવાઇ જશે.તેવું ભાજપનાં વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

મેયરપદેથી આસિત વોરાની આગામી તા.૩૦મીના રોજ અઢી વર્ષની મુદત પુરી થનાર છે અને તેમના સ્થાને મેયરપદે મહિલા સભ્યની નિમણૂક થનાર છે. આ મેયરપદ મેળવવા પક્ષની એક ડઝનથી વધુ મહિલા સભ્યો એકમેકની સ્પર્ધા કરી રહી છે અને પક્ષમાના વરિષ્ઠોના અલગ-અલગ જૂથમાં ગોઠવાઇ જઇ પોતાનો દાવો મજબૂત કરી રહી છે. આ સ્થિતિમાં મેયરની ચૂંટણીની સાથે મ્યુનિ. સ્ટેન્ડિંગ કમિટીના ૧૨ સભ્યો તથા કમિટીના ચેરમેનની ચૂંટણી કહો કે નિયુક્તિ મે માસના પ્રથમ સપ્તાહ સુધી પાછી ઠેલવામાં આવી છે. સંભવતઃ ૫ મી કે ૬ઠ્ઠી મેના રોજ કમિટીના સભ્યોના ઉમેદવારીપત્રો ભરવામાં આવશે અને ૧૦મી કે ૧૧મી મે ના રોજ ચૂંટણી કરવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીના વર્તમાન ચેરમેન ભૂપેન્દ્રભાઇ પટેલ સતત ત્રણ વખત ચેરમેન પદે યથાવત રહ્યા છે તેથી પક્ષના કોઇ સિનિયર સભ્યને આ વખતે તક અપાશે એમ મનાય છે. જોકે, એ તક કોઇ મહિલા સભ્યને નહીં અપાય એ નિશ્ચિત છે. કેમકે, આ વખતની મેયરપદની અઢી વર્ષની મુદત મહિલા સભ્ય માટેની છે.

# ઈશરત એન્કાઉન્ટરમાં સીબીઆઇનાં ગાંધીનગરમાં ધામા : ધરપકડની દૌરની શક્યતા

## લીગલ સેલના સભ્યો સાથે પાંડેની ધરપકડની ચર્ચા કરી હોવાનું સંભળાઇ રહ્યું છે ત્યારે ગમે ત્યારે પાંડેની ધરપકડનાં અણસાર

**ગાધીનગર, તા. ૨૨**

ઈશરત એન્કાઉન્ટર કેસમાં સીબીઆઇ ગમે તે ઘડીએ એડીશ્નલ ડીજીપી પીપી પાંડેની ધરપકડ કરે તેવી શક્યતા છે.શનિવારે સીબીઆઇની બે ટુકડીઓ ગાંધીનાગર ખાતે ઉતરી પડી હતી અને લીગલ સેલના સભ્યો સાથે પાંડેની ધરપકડની ચર્ચા કરી હોવાનું સંભળાઇ રહ્યું છે ત્યારે ગમે ત્યારે પાંડેની ધરપકડનાં અણસાર વર્તાઇ રહ્યાં છે.

આ ઉપરાંત અમદાવાદનાં તત્કાલિન પોલીસ કમિશ્નર કે.આર.કૌશિકની પણ ધરપકડ થઇ શકે કે નહી તેની પણ ચર્ચા કરાઇ હતી.સીબીઆઇનાં સુત્રોએ જણાવ્યું હતું કે ૨૦૦૪માં ૧૪મી જુનનાં રોજ ક્રાઇમ બ્રાંચે ઈશરત જહાં સહિત અન્યને એન્કાઉન્ટરમાં ઠાર કર્યા હતા.ત્યારે આગળનાં દિવસે ૧૩મીજુનની રાત્રે ડીજીપી પીપી પાંડે અને ક્રાઇમ બ્રાંચનાં વરિષ્ઠ અધિકારીઓની એક બેઠક બોલાવી હતી તેમાં મુંબઇથી આતંકવાદીઓ વાદળી રંગની ઈન્ડિકા કારમાં અમદાવાદ આવી રહ્યા હોવાનું જણાવી અને તત્કાલિન એસીપી ગિરીશ સિંઘલ અને નરેન્દ્ર અમીનને બે ટીમો રવાના કરવાની સુચના આપી હતી.

જ્યારે સીબીઆઇની તપાસમાં જાહેર થયું છે કે અમજદઅલી રાણા અને જિશાન જોહર દસ દિવસ પહેલા જ ક્રાઇમ બ્રાંચની કસ્ટડીમાં હતા જ્યારે જાવેદ અને ઈશરતને બે દિવસ પહેલા જ વાસદ પાસેથી ઉઠાવવામાં આવ્યા હતા.આઇબીના અધિકારી કે.આર.કૌશિક પણ સીબીઆઇના સાણસામાં સપડાય તેવી શક્યતા છે.

આ મામલે અભય ચુડાસમાની પણ ભૂમિકા સીબીઆઇ તપાસી રહી છે. કારણકે ત્યારે તે વલસાડમાં ડીએસપી હતા ત્યારે ઈશરતનું અપહરણ કરાયામાં તેમનો હાથ છે કે નહી તે એંગલ પણ સીબીઆઇ તપાસી રહી છે.આ ઉપરાંત ક્રાઇમ બ્રાંચના કમાન્ડો નિઝામુદ્દીન સૈયદની પણ ધરપકડ થવાની શક્યતા વ્યકત કરાઇ રહી છે.

# સેન્સેક્સ ૧૫૩ અંક ચડ્યો તો વિપ્રોનાં શેરોમાં આઠ ટકાનો ઘટાડો

## મુંબઇ સ્ટોક એક્સચેન્જનો સુચકાંક ૧૯૧૬૯.૮૩ પર બંધ થયો નિફ્ટી ૫૧.૩૦ની તેજી સાથે ૫૭૮૯.૮૫ ટકા પર બંધ

**અમદાવાદ, તા. ૨૨**

આંતરારાષ્ટ્રીય બજારોમાં મજબુતી રહેવાને કારણે મુંબઇ શેરબજારનો સુચકાંક પણ સપ્તાહનાં પ્રથમ દિવસે ૧૫૩ અંકની મજબુતી સાથે બંધ થયો હતોજ્યારે નિફ્ટીમાં પણ ૫૧.૩૦ અંકની ચઢત રહી હતી.

મુંબઇ સ્ટોક એક્સચેન્જનો સુચકાંક ૧૯૧૬૯.૮૩ પર બંધ થયો હતો.સેન્સેક્સમાં સૌથી વધારે તેજી કોલ ઇન્ડિયાનાં શેરોમાં ૪.૩૩ ટકા રહી હતી તો એલ એન્ડ ટીમાં ૪.૨૧ ટકા અને એચડીએફસીમાં ૩.૮૫ ટકાની તેજીરહી હતી.જો કે કંપનીનાં નિરાશાજનક પરિણામોની અસર હજી પણ વિપ્રો પર વર્તાઇ રહી છે અને આજના તેજીનાં માહોલમાં પણ તેના શેરોમાં ૭.૯૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો.ત્યારબાદ ઇન્ફોસિસમાં ૨.૨૨ અને ઓએનજીસીમાં ૧.૮૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીએસઇ સેકટરનાં હિસાબે સૌથી વધારે તેજી કન્ઝયુમર ડ્યુરેબલ્સમાં ૪.૨૫ ટકા રહી હતી. તો રીઅલ્ટીમાં ૩.૪૧ ટકા કેપિટલ ગુડસમાં ૩.૩૩ ટકા રહી હતી.જો કે આઇટી અને ટેકમાં ઘટાડો જોવા મળ્યો હતો આઇ ટી સેક્ટરનો ઘટાડો ૨.૩૭ ટકા અને ટેકનોલોજીમાં ૧.૨૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જનો સુચકાંક નિફ્ટી ૫૭૮૯.૮૫ ટકા પર બંધ રહ્યો હતો.નિફ્ટીમાં સૌથી વધારે તેજી રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં જોવા મળી હતી જે ૫.૧૫ ટકા હતી. ત્યારબાદ કોલ ઇન્ડિયામાં ૪.૫૯ ટકા અને એલએન્ડ ટીમાં ૪.૨૪ ટકાની તેજી હતી. સૌથી વધારે ઘટાડો અલ્ટ્રાટેક સિમેન્ટમાં રહ્યો હતો.તેના શેરોમાં ૩.૦૧ ટકા, ઇન્ફોસિસમાં ૨.૨૧ ટકા અને એચસીએન ટેકમાં ૨.૧૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો.એશિયન બજારોમાં નિકકીમાં ૧.૮૯ ટકા અને હેંગસેંગમાં ૦.૧૪ની તેજી રહી હતી.જ્યારે શાંઘાઇમાં ૦.૧૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.સોમવારે ખુલતા બજારે યુરોપનાં મોટાભાગનાં શેરબજારોમાં તેજી રહી હતી. તો તમામ અમેરિકન શેરબજારો તેજી સાથે બંધ રહ્યાં હતા.

# રાજ્યમાં ૨૦ ડીવાયએસપીને બઢતી અપાઇ: આઇપીએસ કક્ષાની ૨૫ જગા ખાલી

**નવી દિલ્હી, તા. ૨૨**

રાજ્યનાં વીસ નાયબ પોલીસ અધિક્ષકોને પોલીસ અધિક્ષક તરીકે બઢતી અપાઇ છે.ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા આ અધિકારીઓ ગુજરાત પોલિસ સર્વિસ કક્ષાનાં હતા જેમને આઇપીએસ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા મંજુરી અપાતા આઇપીએસ તરીકે પ્રમોટ કરાયા છે આ અધિકારીઆઓનુ બદલીનું સ્થળ રાજ્યનું ગૃહવિભાગ ટુંક સમયમાં જાહેર કરે તેવી શક્યતા છે જ્યારે રાજ્ય સરકાર ગુજરાત કેડરના આઇપીએસ અધિકારીઓને સમયસર બઢતી આપતી ન હોવાથી આઇપીએસ અધિકારીઓની પણ ઘણી બધી જગ્યાઓ ખાલી પડી છે. ગુજરાત કેડરમાં એડીજીથી માંડીને એસપી કક્ષાના ૨૫ આઇપીએસ અધિકારીઓની જગ્યાઓ ચાર્જથી ચાલી રહી છે. તેમ પણ એડીજી પ્રમોદકુમાર ચાર એડીજીના વધારાના હવાલા સંભાળી રહ્યા છે. તો બીજી બાજુ આઇજી, ડીઆઇજી અને એસપીની ૧૯ જગ્યાઓ ખાલી પડેલી છે સૌથી વધુ એસપી કક્ષાના અધિકારીઓની ૧૫ જગ્યાઓ ચાર્જથી ચાલે છે. રાજ્ય સરકારે મોડીસાંજે ૫૩ જેટલા કલેકટર-ડીડીઓની બદલીબઢતીના હુકમો કર્યા હતા. હવે આગામી જૂન મહિનામાં સીનિયર આઇએએસની બઢતી બદલીના હુકમો આવશે. કલેકટર-ડીડીઓની બદલીના હુકમો થયા બાદ હવે આઇપીએસ અધિકારીઓની પણ બદલીઓ આવે એવી સંભાવનાઓ છે. ગુજરાત આઇપીએસ કેડરમાં હાલની તારીખે ૨૫ જેટલા આઇપીએસ અધિકારીઓની જગ્યાઓ ખાલી છે. તેમના હવાલો અન્ય અધિકારીઓ સંભાળી રહ્યા છે. ચાલુ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં તત્કાલીન ડીજીપી ચિત્તરંજનસિંઘ અને તેના પછીના માર્ચ મહિનામાં દિપક સ્વરૂપ નિવૃત્ત થયા હતા. એવી જ રીતે હાલના ડીજીપી અમિતાભ પાઠકને મુખ્ય ડીજીપી બનાવતા એસીબીની જગ્યા પણ ખાલી પડેલી છે. તેમની જગ્યાઓ સરકારે ભરી નહોવાથી એડીજી કક્ષાની ૭ જગ્યાઓ ખાલી પડી છે. પોલીસ સુધારણાના એડીજી પ્રમોદકુમાર પાસે એડીજી એસએસટી સેલ, હોમગાર્ડના કમાન્ડન્ટ જનરલ ઉપરાંત રાજ્ય માનવ અધિકાર આયોગના એડીજી મળીને ૪ એડીજીનો વધારાનો હવાલો સંભાળી રહ્યા છે. જ્યારે આઇજી, ડીઆઇજી ૪ અને એસપી કક્ષાના ૧૫ અધિકારીઓની જગ્યાઓ મળીને કુલ ૨૫ જગ્યાઓ ખાલી પડેલી છે. રાજ્ય ગુપ્તચર વિભાગના વડાનો વધારાનો હવાલો છેલ્લા ચાર સાડા ત્રણ વર્ષથી ચાર્જમાં ચાલી રહ્યો છે. એડીજી કાયદો વ્યવસ્થા શિવાનંદ ઝા પાસે હાલમાં ગુપ્તચર વિભાગના વડાનો વધારાનો હવાલો છે.

## આરોગ્યપ્રદ આહાર તૈયાર કરી કેવી રીતે પીરસવુ તેઅંગે

# અમદાવાદનાં ૧૦૦ જેટલા ખાણીપીણીનાં સ્ટોલવાળાઓને તાલિમ અપાશે

### આ તાલિમ તેમને મ્યુનિસિપલ કોર્પોરેશનની ન્યુ વેસ્ટ ઝોનની ઓફિસ ખાતે આપવામાં આવશે

**અમદાવાદ, તા. ૨૨**

ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા નિમવામાં આવેલી સંકલન સમિતિએ અમદાવાદમાં આવેલા સાત ખાણીપીણી બજારોમાંથી ૧૦૦ ફુડ સ્ટોલ્સનાં માલિકો અને તેમાં કામ કરનારાઓને તેમનાં ગ્રાહકોને કેવી રીતે સુરક્ષિત અને આરોગ્યપ્રદ રીતે ભોજન તૈયાર કરી કેવી રીતે પીરસવું તે અંગેની તાલિમ આપશે. આ તાલિમ તેમને મ્યુનિસિપલ કોર્પોરેશનની ન્યુ વેસ્ટ ઝોનની ઓફિસ ખાતે આપવામાં આવશે.તાલિમ આપ્યા બાદ તેમને કામગિરી સુધારવા માટે બે અઠવાડિયાનો સમય આપવામાં આવશે.

આ અંગે ફુડ એન્ડ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશનનાં કમિશ્નરે જણાવ્યુ હતું કે અમદાવાદનાં વસ્ત્રાપુર, કાંકરિયા, અખબારનગર, ખોખરા, માણેકચોક અને લો ગાર્ડન સહિતના ખાણીપીણીનાં બજારોનાં ૧૦૦ જેટલા ખાણીપીણીનાં સ્ટોલની પસંદગી કરાઈ છે.અમારી ટીમે આ સ્ટોલની પસંદગી કરી તે પહેલા તેમની મુલાકાત લીધી હતી.મુલાકાત દરમિયાન તેમની કામગિરી અને પ્રક્રિયાનું દસ્તાવેજી કરણ કરાયું હતું. ત્યારબાદ તેમને અમારા પ્રોગ્રામ અંતર્ગત તાલિમ માટે બોલાવવામા આવ્યા હતા.આ કામગિરીથી કેન્દ્રિય સ્તરે પણ પ્રભાવ પડ્યો હતોઅને તેમણે આ મામલે અન્ય રાજ્યોને પણ અનુકરણ કરવા જણાવ્યા બાદ હરિયાણા અને બિહારની ટીમો ગુજરાતમાં આવી હતી. આ કાર્યક્રમમાં હવે પછી નોન વેજિટેરિયન ખાણીપીણીનાં બજારો જેવાકે જમાલપુર, ત્રણ દરવાજા અને જુહાપુરાની પસંદગી કરાશે. જો આ તાલિમ લીધા બાદ આ સ્ટોલ્સ તેમના નિર્દેશોનો અમલ નહી કરે તો તેમના પર કડક કાર્યવાહી કરાશે. તેમણે હાઈજિનિક ફુડ પીરસવા માટે યોગ્ય સાધનોનો ઉપયોગ કરવો પડશે.આ ઉપરાંત તેમણે નિયમિત રીતે આરોગ્યની તપાસ માટે જવું પડશે.




# રાહુલ બાદ મોદી સીઆઈઆઈ જશે



**નવી દિલ્હી, તા. ૨૨**

સીઆઈઆઈમાં કોંગ્રેસનાં ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સંબોધન કર્યુ હતું ત્યારબાદ સંસ્થાએ જણાવ્યું હતું કે ચેમ્બર્સ ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્રમોદીને ચર્ચા માટે આમંત્રિત કરવા માંગે છે.

સીઆઈઆઈનાં અધ્યક્ષ ક્રીસ ગોપાલકૃષ્ણએ જણાવ્યું હતું કે અમે મુખ્યમંત્રી નરેન્દ્રમોદી સાથે વાયબ્રન્ટ ગુજરાત મીટ દરમિયાન કામ કરી ચુક્યા છીએ અને અમે તેમને આમંત્રિત કરવા માંગીએ છીએ. જો કે સાથોસાથ તેમણે જણાવ્યું હતુ કે તે આ મામલે દરેક રાજકીય પક્ષ સાથે કામ કરવા માંગે છે અને તે ઉપલક્ષમાં તમામ નેતાઓને બોલાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ ગત ૪થી એપ્રિલે સીઆઈઆઈની જનરલ એન્યુઅલ બોર્ડ મિટિંગને સંબોધન કર્યુ હતું.ગોપાલ કૃષ્ણએ જણાવ્યું હતું કે તેમની ચેમ્બરની જરૂરિયાતોને પોલીટિકલ લીડરશીપ સુધી પહોચાડવા માટે નેતાઓ સાથે મળાપ વધારવાની જરૂરત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમને નેતાઓ સાથે સંપર્ક વધારવાની જરૂરિયાત છે.કારણકે અમારે અમારી જરૂરિયાત અને ઈચ્છાઓ તેમના સુધી પહોચાડવાની જરૂર હોય છે.અમારે સુચનો આપવાનાં હોય છે

# ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં બે વ્યક્તિઓ દ્વારા ખુલ્લેઆમ દાદાગીરી

### પોલીસ ઈન્સ્પેક્ટરને બદલી કરાવવા સુધીની ધમકી આપવાનો મામલો ટોક ઓફ ધ ટાઉન

**નવી દિલ્હી, તા. ૨૨**

મોટા ભાગે સામાન્ય નાગરિકો સાથે પોલીસ દ્વારા દાંડાઈ કરવાનાં કિસ્સાઓ બનતા રહે છે પણ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં મોડી રાત્રે અટકાયતમાં લેવાયેલા શખ્સોએ પોલસ સામે દાદાગીરીનાં કિસ્સો સમગ્ર શહેરમાં ટોકઓફ ધ ટાઉન બની રહ્યો હતો.

શહેરના ઘાટલોડીયા વિસ્તારમાં મોડીરાત્રે પેટ્રોલીંગ દરમ્યાન બાઈકસવાર બે શખ્સોને અટકાવ્યા હતા. તેમજ મોટર સાયકલ ડીટેઈન કરી બાઈકસવાર અને તેની પાછળ બેઠેલા શખ્સને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તેમણે પોતાની ભુલ માનવાને બદલે ઘાટલોડીયા પોલીસ સામે દાદાગીરીનો માર્ગ અપનાવ્યો હતો અને તપાસ કરનાર અધિકારીને ધમકી આપતા પોલીસે તેમની ધરપકડ કરી તપાસ આગળ ચલાવી છે.

આ અંગેની વિગત એવી છે કે ગઈકાલે નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન ઘાટલોડીયા પોલીસના હોમગાર્ડ રૂપેશભાઈ પ્રભુદાસ જોષીએ રાત્રે ૩.૧૫ કલાકે બાઈક પર સોલાથી આવી રહેલા બે શખ્સોની ભૂયંગદેવ સર્કલ પાસે અટકાયત કરી હતી. અને બંન્ને શખ્સોની પૂછપરછ શરૂ કરી હતી. પરંતુ પૂછપરછ દરમ્યાન બાઈક ચાલક પાછળ બેઠલો અન્ય ઋષિકેશ પારધીએ હોમગાર્ડ જવાન સામે દાદાગીરી કરી હતી. અને હોમગાર્ડે લાયસન્સ જોવા માંગતા લાયસન્સ આપવાનો પણ ઈન્કાર કર્યો હતો. આથી ઋષિકેશને ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં હાજર કરવામાં આવ્યો હતો. અને બાઈક પણ ડીટેઈન કરવામાં આવ્યુ હતુ. ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવવી રહેલા પોલીસ ઈન્સ્પેક્ટરે બાઈક ડીટેઈનના કાગળ પર સાઈન કરવા માટે ઋષિકેશને કહ્યુ હતુ. પરંતુ ઋષિકેશે સાઈન કરવાનો ઈન્કાર કર્યો હતો. તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર સામે દાદાગીરીકરવાનું શરૂ કરી દીધું હતુ. અને પોલીસ ઈન્સ્પેક્ટરને બદલી કરાવવા સુધીની ધમકીઅ ાપી હતી. આથી ઘાટલોડીયા પોલીસે પોલીસ સામે દાદાગીરી કરવાના ગુનામાં ઋષિકેશની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. જોકે જાણવા મળ્યા મુજબ આ કેસને દબાવી દેવા માટે મેઘાણીનગર પોલીસ સ્ટેશન પર દબાણ કરવામાં આવ્યુ હતું પરંતુ પોલીસ ઈન્સ્પેક્ટરે આરોપીઓ સામે એફઆરઆઈ નોંધી લીધી હોવાથી હવે તેમાં વધુ કાર્યવાહી કર્યા સિવાય છુટકો ન હતો પોલીસે બંને આરોપીઓની પુછપરછ શરૂ કરી હતી.

# મનમોહન-સોનિયા-રાહુલની ત્રિપુટી કર્ણાટકમાં ફરી વળશે

### પાંચ મેએ થનાર ચુંટણીમાં કુલ ૩૬૯૨ ઉમેદવારો મેદાને પડ્યા : કર્ણાટકની તમામ ૨૨૪ બેઠકો પર કોંગ્રેસે ૨૨૪, ભાજપે ૨૨૩ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા



**નવી દિલ્હી, તા. ૨૨**

કર્ણાટક વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસને શાનદાર સફળતા મળે તે માટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ઉપપ્રમુખ રાહુલ ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહ રાજ્યમાં ઝંઝાવાતી ચુંટણી પ્રચાર કરશે.આ તમામ નેતાઓ આવતી કાલથી રાજ્યમાં ઉતરી પડશે.જ્યાં પાંચમી મે સુધી અનેક ચુટણી સભાઓ ગજવશે.

સોનિયા ગાંધી ૨૫મી એપ્રિલનાં દિવસો રાજયમાં જોરદાર ચુંટણી પ્રચાર કરશે.આ ઉપરાંત વડાપ્રધાન મનમોહનસિંહ અને રાહુલ ગાધીનો પણ ચુંટણી પ્રચાર કાર્યક્રમ વ્યસ્ત છે.સોનિયા ગાંધી બેંગ્લોરમાં ચુંટણી પ્રચાર કરશે તે ઉપરાંત ગુલબર્ગા, બેલગામમાં ત્રીસમી એપ્રિલે ચુંટણી પ્રચાર કરશે.બીજી મેના દિવસે મહેસુર અને બેંગ્લોરમાં પ્રચાર કરશે. જ્યારે રાહુલ ત્રેવીસમીએ રાયચુરમાં જાહેર સભાઓને સંબોધશે.ત્યારબાદ બીજાપુર જિલ્લાનો પ્રવાસ કરશે.રાહુલ કોલાર, ટુમકુર અને હવેરી જિલ્લામાં ૨૬મી એપ્રિલે પ્રચાર કરશે.પહેલી મેના દિવસે મંડીયા, હસન અને શિમોગા જિલ્લામાં પ્રચાર કરશે.વડાપ્રધાન મનમોહનસિંહ ૨૯ એપ્રિલે હુબલી ધારવાડ અને બેંગ્લોરમાં ચુંટણી પ્રચાર કરશે.

કર્ણાટકમાં ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે.અહી પાંચમી મેના રોજ થનાર ચુંટણીઓની તૈયારીઓમાં તમામ પક્ષો વ્યસ્ત થઈ ગયા છે.આ વિધાનસભા ચુંટણીમાં કુલ ૩૬૯૨ ઉમેદવારો મેદાને પડ્યા છે.મોટાભાગે ચાર પક્ષો વચ્ચે સ્પર્ધા થશે.કર્ણાટકનાં સમરમા ભાજપ, કોંગ્રેસ, જેડીએસ અને કર્ણાટક જનતાપક્ષ વચ્ચે સ્પર્ધા થનાર છે.બીએસ યેદીયુરપ્પાએ ભાજપ સામે વિદ્રોહ કર્યા બાદ કર્ણાટક જનતાપક્ષની રચના કરી હતી જે ભાજપ માટે પડકારરૂપ સાબિત થવાની શક્યતા છે.કર્ણાટકની તમામ ૨૨૪ બેઠકો પર કોંગ્રેસે ૨૨૪, ભાજપે ૨૨૩ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે.૯૫ વિધાનસભા બેઠક એવી છે જ્યાં ૧૬ કરતા વધારે ઉમેદવારો છે.કુલ મતદારોની સંખ્યા ૪૩૬૧૪૧૯૫ છે.

# ભાવનગરમાં કમોસમી વરસાદને પગલે મરચાનો માલ પલળી જતા લાખોનું નુકસાન

### શહેરના અધેવાડા નજીક મરચાની ખળી ધરાવતા વેપારીઓને ભારે નુકસાન : સરકાર તરફ મદદની મીટ માંડી



**ભાવનગર, તા. ૨૨**

રાજયભરમાં સતત પાંચ દિવસથી વરસી રહેલા માવઠાને કારણે ખેડુતોને અને વ્યાપારીઓને ભારે નુકસાન પહોચ્યું છે.જેમાં હાલમાં જ ભાવનગરમાં ફુંકાયેલા વાવાઝોડા અને કમોસમી વરસાદને કારણે અધેવાડા રોડ પર આવેલી મરચાની ખળીમાં ભારે નુકસાન થયું હતું.ત્યાં મરચાનો માલ રાખવામાં આવ્યો હતો જે પલળી જતા લાખોનું નુકસાન થયું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.મસાલાના વેપારીઓ દ્વારા આ નુકસાનનો અંદાજ વ્યક્ત કરાયો હતો.

ભાવનગરમાં હાલમાં જ ફુંકાયેલા ભારે વાવાઝોડા અને વરસાદને કારણે અનેક વેપારીઓને ભારે નુકસાન પહોચ્યું છે. શહેરના અધેવાડા નજીક મરચાની ખળી ધરાવતા વેપારીઓને ભારે નુકસાન ગયુ છેપવનને કારણે બાંધેલા શેડ અને માંડવા ઉડી જતા મરચાનો માલ પલળી જવા પામ્યો હતો.ભાવનગરનાં મોટાભાગનાં વેપારીઓ માંડવા બાંધીને ધંધો કરતા હોવાથી તેમનો તમામ માલ નકામો થઈ જવા પામ્યો છે.

ઓર્ડર લીધેલા મરચાનો પાવડર પણ પલળી જતા લાખોનું નુકસાન થવા પામ્યુ છે.આ વેપારીઓએ આ તબક્કે સરકાર તરફ મદદની મીટ માંડી છે.

મોટાભાગના વેપારીઓએ ધોમધખતો તાપ પડતો હોવાને કારણે પોતાનો માલ આ શેડ અને માંડવાની નીચે સુકાવા માટે મુક્યો હતો પણ અચાનક જ છેલ્લા કેટલાક દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યનાં મોટાભાગનાં શહેરોમાં કમોસમી વરસાદ થયો હોવાનું નોંધાયું છે ત્યારે આ વરસાદે વેપારીઓ ખાસ કરીને સૌરાષ્ટ્રનાં મસાલાનાં વેપારીઓને રાતા પાણીએ રોવડાવ્યા છે. જેમણે મદદની માંગ કરી છે.

## *દક્ષિણઝોન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટી.પી.રોડ પરના બિનપરવાનગીના બાંધકામો / દબાણો સામે સખ્ત કાર્યવાહી.*

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણઝોનના ડેપ્યુટી મ્યુનિ.કમિશ્નરશ્રી સી.આર. ખરસાણના માર્ગદર્શન હેઠળ, દક્ષિણઝોનના એસ્ટેટ /ટી.ડી.ઓ. ખાતા દ્વારા હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત.....*

*આજ તા.૨૨/૦૪/૨૦૧૩, સોમવારના રોજ, દક્ષિણઝોનના એસ્ટેટ અને નગર વિકાસ ખાતાના સ્ટાફ દ્વારા...વટવા વોર્ડમાં ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૮૮ માં નિગમ સોસાયટીની પાછળના ભાગે આવેલ ૧૨.૦૦ મી.ના ટી.પી.રોડને ખુલ્લો કરવામાં આવેલ છે અને જેની અંદાજે લંબાઈ ૩૨૫ ફુટ જેટલી છે. વધુમાં, ૧૨ દબાણો હટાવેલ છે તથા પાર્કીંગ કરી રસ્તો રોકતા અસ્થાયી દબાણો હટાવીને ૨૦ટ્રકોના પરમેનન્ટ પાર્કીંગ રૂપે કરાયેલાં દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરેલ છે.*

*આમ, આગામી દિવસોમાં પણ ટી.પી.રોડ પરના ગેરકાયદેસર બાંધકામો/ દબાણો દૂર કરવાની કાર્યવાહી, ઝુંબેશ રૂપે સઘન બનાવી, કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે.*

# રાજકોટ અને અમદાવાદમાં રિક્ષા ચાલકોનું હડતાલનું આહ્વાન

### અમદાવાદમાં હાલ બે લાખ જેટલી રિક્ષાઓ દોડી રહી છે : રાજકોટમાં રિક્ષાચાલકોએ શહેરનાં પારેવડી ચોકમાં હોબાળો મચાવ્યો હતો

**અમદાવાદ, તા. ૨૨**

અમદાવાદ ઓટો રિક્ષા એસોસિએશને ૨૪ એપ્રિલથી અચોક્કસ મુદતની ભુખ હડતાલનું એલાન કર્યુ છે.સીએનજીમાં ત્રણ રૂપિયા પાંસઠ પૈસાના ભાવ વધારાનો તેમણે વિરોધ જાહેર કર્યો છે.છેલ્લા નવ વર્ષમાં સીએનજીનાં ભાવોમાં સતત વધારો થતા સીએનજી વપરાશકારો અને રિક્ષાચાલકોમાં આ ભાવ વધારાને કારણે ભારે રોષ ફેલાયો છે. અમદાવાદનાં રિક્ષાચાલકોએ સરકાર તરફથી ભાવ વધારો પાછો ખેંચવાની કે વાટાઘાટોની કોઈ તૈયારી નહી બતાવતા એસોસિએશને ૨૪ એપ્રિલથી અચોક્કસ મુદતની ભુખ હડતાલની જાહેરાત કરી છે.

સીએનજીનાં ભાવોમાં થતા વારંવારનાં વધારાને કારણે સૌથી મોટી અસર રોજ કમાઈને રોજ ખાનારા રિક્ષાચાલકો તેમનાં પરિવારને થઈ રહી છે.અમદાવાદમાં હાલ બે લાખ જેટલી રિક્ષાઓ દોડી રહી છે અને આ વર્ગ ગરીબ અને મધ્યમવર્ગ છે જેને આ ભાવવધારાને કારણે આવક મેળવવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે.અમદાવાદ ઉપરાંત રાજકોટ ઓટો રિક્ષા એસોસિએશને પણ હડતાલનું એલાન આપ્યુ છે .રિક્ષાચાલકોએ શહેરનાં પારેવડી ચોકમાં હોબાળો મચાવ્યો હતો .સીએનજીનાં ભાવોમાં થતા વધારાને કારણે આ રિક્ષાચાલકો હેરાન પરેશાન છે.તેમણે બળતણમાં થયેલા વધારાને પગલે ભાડાવધારાની માંગ કરી છે અને તે સાથે જ તેમણે હડતાલનું પણ એલાન કર્યુ હતું.



# ગુજરાતમાં સારા વરસાદનાં વર્તારાથી ખેડુઓમાં આનંદની લાગણી

### ખાનગી સંસ્થાએ હવામાનના અભ્યાસ બાદ એવો દાવો કર્યો છે કે આ વર્ષે ૧૦૩ ટકા જેટલો એટલે કે એકંદરે સારો વરસાદ થવાની આશા

**અમદાવાદ, તા. ૨૨**

ગત વર્ષે રાજ્યમાં ચોમાસુ નબળુ રહેવાને કારણે હાલમાં કેટલાક વિસ્તારોમાં દુષ્કાળની પરિસ્થિતિ છે ત્યારે ખેડુતો માટે એ આનંદના સમાચાર છે કે આગામી ચોમાસુ સારુરહેવાનો વર્તારો હાલ બહાર પાડવામાં આવ્યો હતો.

ખાનગી સંસ્થાએ હવામાનના અભ્યાસ બાદ એવો દાવો કર્યો છે કે આ વર્ષે ૧૦૩ ટકા જેટલો એટલે કે એકંદરે સારો વરસાદ થવાની આશા છે. ગયાવર્ષે ઓછો વરસાદ થવાથી ખેડૂતોને હતાશ થવાનો વારો આવ્યો હતો.પરંતુ આ વર્ષે સારો વરસાદ થવાની સંભાવના હોવાથી ખેતીમાં ગુલાબી ચિત્ર જોવા મળશે.હવામાન પર અભ્યાસ કરતી ખાનગી સંસ્થાના હવામાન શાસ્ત્રી અનુસાર ૨૫ જુનથી ચોમાસુ બેસવાની સંભાવના ૧ લી જુનથી છે.અને ત્યારબાદ ૨૦ મી જુનથીમુંબઈમાં અને ૧૫ મી જુને દક્ષિણ ગુજરાતમાં વરસાદ થવાની શક્યતા છે. ચોમાસાના જુન, જુલાઈ,ઓગષ્ટ, સપ્ટેમ્બર, ચારેય મહિનામાં દેશભરમાં વરસાદ થવાની સંભાવના છે.ગયા વર્ષે અપુરતો વરસાદ થયો હોવાને કારણે પાક સારો ન થતાં ખેડૂતોને હતાશ થવાનો વારો આવ્યોહતો પરંતુ આ વખતે વરસાદ સારો થવાની આગાહી હોવાથી પાક સારો થાય તેવી શક્યતા છે. ગયા વર્ષેદેશના તમામ ભાગોમાં એક સરખો વરસાદ થયો ન હતો.સામાન્ય રીતે ગુજરાત રાજ્યમાં જુન અને જુલાઈ માસમાં વ્યવસ્થિત વરસાદ થાય છે. ત્યારે મોટાભાગનાં ખેડુતો વાવણી કરી લેતા હોય છે અને ત્યારબાદ પરંતુ ઓગષ્ટમહિનામાં જુન અને જુલાઈમહિનાની સરખામણીમાં ઓછો વરસાદ થાય છે.

# નવગુજરાત કોલેજમાં બનેલી ઘટના મામલે વિદ્યાર્થીઓ દ્વારા હોબાળો

### નવ ગુજરાત કોલેજમાં બિભત્સ વર્તન કરતા યુવક યુવતિ ઝડપાયા : પ્રિન્સિપાલે તાત્કાલિક બંનેની સામે પગલા ભરવા બોલાવેલી બેઠક

**અમદાવાદ, તા. ૨૨**

અમદાવાદનાં આશ્રમ રોડ ઉપર ગુજરાત વિદ્યાપીઠની સામે આવેલી નવ ગુજરાત કોલેજમાં આજે સવારે પ્રિન્સિપાલ રાઉન્ડમાં નીકળ્યા ત્યારે કેમ્પસમાં જ એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની બિભત્સ હાલતમાં પકડાતા બંનેને તાત્કાલિક ચેમ્બરમાં બોલાવી કડક કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરાઈ છે આ ઘટનાના પગલે વિદ્યાર્થીઓ પણ ભારે ઉશ્કેરાટમાં આવી ગયા છે અને આવી પ્રવૃતિને અટકાવવા બંનેની સામે કડક પગલા ભરવાની માંગણી સાથે ભારે હોબાળો મચાવતા પોલીસ પણ આવી પહોંચી હતી પ્રિન્સિપાલે પગલા ભરવા માટે અને આવી કોલેજ કેમ્પસમાં આવી પ્રવૃતિને અટકાવવા તાત્કાલિક અસરથી સ્ટાફની બેઠક બોલાવી હતી અને આ પ્રકારની ઘટનાઓ અટકાવવાની વિચારણા હાથ ધરી હતી. આજે સવારે પ્રિન્સિપાલ રાઉન્ડમાં નીકળ્યા ત્યારે કોલેજ કેમ્પસમાં એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની બિભત્સ હાલતમાં જોવા મળ્યા હતા આ દશ્ય જોઈ પ્રિન્સીપાલ પણ ચોકી ઉઠયા હતા મહિલા પ્રિન્સિપાલે તાત્કાલિક સિકયુરિટી ગાર્ડને બોલાવી બંનેને તેમની ચેમ્બરમા લઈ જવાયા હતા આ ઘટનાની જાણ ધીમેધીમે સમગ્ર કોલેજમાં થઈ જતા વિદ્યાર્થીઓ કલાસ રૂમની બહાર દોડી આવ્યા હતા અને ભારે હંગામો મચાવવાનો શરૂ કર્યો હતો છેલ્લા ઘણા સમયથી આ કોલેજમાં વાતાવરણ ડહોળાઈ ગયુ છે અને તેના પગલે ખાસ કરીને વિદ્યાર્થીનીઓમાં ફફડાટ ફેલાયેલો જોવા મળી રહ્યો છે આવી પ્રવૃતિ આચરનાર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સામે કડક પગલા ભરવાની માંગણી સાથે વિદ્યાર્થીઓના ટોળાએ પ્રિન્સિપાલ સમક્ષ રજુઆત કરી છે હાલમાં આ બનાવે શિક્ષણજગતમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

## *મહિલા સશક્તિકરણ ક્ષેત્રે ગુજરાતનો નવતર અભિગમ એસ.ટી. નિગમ દ્વારા આવતીકાલ તા. ૨૩મી એપ્રિલ, ૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે મહિલા કંડકટરોને નિમણૂંકપત્રો એનાયત કરાશે*

*મહિલાઓને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે જેના નક્કર પરિણામો પ્રાપ્ત થયા છે.*

*ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મહિલા સશક્તિકરણ અંતર્ગત આવતીકાલ તા. ૨૩મી એપ્રિલ, ૨૦૧૩ને મંગળવારના રોજ એસ.ટી. બસસ્ટેશન, ગાંધીનગર ખાતે સવારે ૯.૩૦ કલાકે નાણાં, આરોગ્ય અને વાહન વ્યવહાર મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વરદહસ્તે મહિલા કંડકટરોને નિમણૂંકપત્રો એનાયત કરવામાં આવશે. સાથોસાથ પ્રવાસી જનતા માટે ગાંધીનગર-અમદાવાદ બસ સેવામાં ''પ્રવાસ સાથે મનોરંજન'' યોજનાનો પણ શુભારંભ કરવામાં આવનાર છે. આ પ્રસંગે મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી પરબતભાઈ પટેલ, રાજ્ય શિક્ષણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા એસ.ટી. નિગમના અધ્યક્ષ શ્રી બાબુભાઈ ઘોડાસરા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.*

*અત્રે ઉલ્લેખનીય છે કે, એસ.ટી. નિગમ દ્વારા ૮૦૦૦ બસો દ્વારા દૈનિક ૨૮ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૪૦,૦૦૦ ટ્રીપો દ્વારા ૨૪ લાખથી વધુ મુસાફરોને સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ઉપરાંત ગ્રામીણ કન્યાઓને અભ્યાસ માટે આવવા-જવાની વિનામૂલ્યે સેવા, વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ૮૨.૫ ટકા કન્સેશન બસ પ્રવાસની યોજના, રોજીંદા મુસાફરો માટે કન્સેશન પાસની યોજના, ૪ કે તેથી વધુ મુસાફરોને એક સાથે બુકીંગમાં પાંચ ટકા કન્સેશન, રીટર્ન ટ્રાવેલીંગ બુકીંગ કરાવનાર મુસાફરોને ૧૦ ટકા કન્સેશનની યોજના, ''મન ફાવે ત્યાં ફરો''ની ૭ અને ૪ દિવસની પ્રવાસ યોજનાઓ, પાંચ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે પ્રવાસની સવલત, ૨૫ કિ.ગ્રા. સુધીનું લગેજ વિનામૂલ્યે લઈ જવાની સવલત સહિતની અનેકવિધ સવલતો મુસાફરોને પૂરી પાડવામાં આવી રહી છે.ગાંધીનગર ખાતે મહિલા કંડકટરોને નિમણૂંકપત્રો એનાયત કરાશેપ્રવાસી જનતા માટે ગાંધીનગર-અમદાવાદ બસ સેવામાં ''પ્રવાસ સાથે મનોરંજન'' યોજનાનો શુભારંભ*

# રાજ્યમાં સતત છઠ્ઠા દિવસે પણ કમોસમી વરસાદ



**અમદાવાદ, તા. ૨૨**

રાજ્યમાં સોમવારથી પુનઃ ગરમીનો વર્તારો કરાયો હતો પણ બેઈમાન વાતાવરણે હવામાન ખાતાની આગાહીને ડિંગો બતાવ્યો હતો અને સતત છઠ્ઠા દિવસે પણ રાજ્યમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો હતો જેના કારણે ખેડુતોમાં ભારે નિરાશાની લાગણી વ્યાપી જવા પામી છે.

રાજ્યમાં છેલ્લા છ દિવસથી અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને જાણે કે ચોમાસુ બેસીગયું હોય તેમ ઘણાં વિસ્તારોમાં ગાજવીજ અને તોફાન સાથે વરસાદ ખાબકી રહ્યો છે.સૌરાષ્ટ્રમાં છઠ્ઠા દિવસે પણ વાતાવરણમાં કોઈ પલ્ટો આવ્યો ન હતો અને અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થયો હતો તો મધ્યગુજરાતમાં પણ અમદાવાદમાં બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને અનેક વિસ્તારોમાં છાંટણા થયા હતા.આ પહેલા હવામાન ખાતા દ્વારા એવી આગાહી કરાઈ હતી કે સોમવારે પુનઃવાતાવરણ સામાન્ય થઈ જશે અને ગરમીમાં વધારો થશે પણ સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતમાં જાણે ચોમાસુ બેસી ગયું હોય તેમ અનેક શહેરોમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો.વિરમગામ તાલુકામાં વાવાઝોડા સાથે વરસાદે દેમારવાળી કરી હતી તો અમેરેલીનાં ધારીમાં ગાજવીજ સાથે વરસાદ તુટી પડ્યો હતો. અમદાવાદમાં પણ સાંજના સમયે ગાજવીજ સાથે મેઘો મંડાયો હોવાનું વાતાવરણ સર્જાયું હતું અને અનેક વિસ્તારોમાં છાંટણા થયા હતા. આ ઉપરાંત સાવરકુંડલા, ગાંધીધામ, ભુજમાં પણ વરસાદ વરસ્યો હતો.

આ કમોસમી વરસાદે સૌરાષ્ટ્ર સહિત ઉત્તર ગુજરાતમાં ભલે પાણીની સમસ્યાનો હલ લાવી દીધો હોય પણ આ વાદળછાયા વાતાવરણ અને કમોસમી માવઠાને કારણે કેરી અને બાગાયતી પાકોને ભારે નુકસાન થયું છે તો અનેક સ્થળોએ મસાલા પલળી જવાને કારણે વેપારીઓને લાખ્ખોનું નુકસાન થવાની વકી છે અને આ બદલાયેલા વાતાવરણને કારણે આગામી સમયમાં રોગચાળો ફાટી નિકળવાની ભીતિ પણ વ્યક્ત કરાઈ રહી છે.

# રાજ્યની પેટાચુંટણીઓનો કાર્યક્રમ આગામી સમયમાં જાહેર થવાની શક્યતા

**અમદાવાદ, તા. ૨૨**

આગામી પાંચ મે એ કર્ણાટકમાં વિધાનસભા ચુંટણીની ચુંટણીપંચે તૈયારી કરી લીધી છે ત્યારે આ ગાળા દરમિયાન જ ગુજરાતની કેટલીક બેઠકોની પેટા ચુંટણી માટે પણ મંજુરી મળે તેવી શક્યતા છે ત્યારે રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે તેના અંગેનો કાર્યક્રમ આગામી દિવસોમાં જાહેર કરાશે.

વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી સંદર્ભે ચૂંટણીપંચ દ્વારામે માસના બીજા સપ્તાહમાં ચૂંટણીયોજવાનું જાહેરનામું આગામી સપ્તાહ સુધીમાં બહાર પાડવામાં આવે તેવી સંભાવના છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ગતવિધાનસભાની ચૂંટણી વખત સાંસદોને પણ ચૂંટણી જંગમાં ઉતારાય હતા. જેમાં પોરબંદરના સાંસદ વિઠ્ઠલ રાદડિયા અને સુરેન્દ્રનગરના સાંસદ સોમાભાઈ ગાંડાભાઈ પટેલ અનુક્રમે ધોરાજી અને લીંબડી વિધાનસભા બેઠક પરથી વિજેતા બન્યા હતા. કોંગ્રેસ પક્ષ દ્વારા આ બંને સાંસદોને ધારાસભ્યપદેથી રાજીનામું આપીદેવા સૂચના અપાઈ હતી. જેના સંદર્ભે સોમાભાઈએ લીંબડીના ધારાસભ્ય પદેથી પોતાનું રાજીનામુ આપી દીધું હતું. જ્યારે વિઠ્ઠલ રાદડિયાએ પક્ષની સૂચનાની ઉપરવટ જઈને ધારાસભ્યપદના બદલે પોરબંદરના સાંસદપદેથી રાજીનામું ધરી દીધું હતું.આ દરમિયાનમાં કોંગ્રેસ પક્ષદ્વારા વિધાનસભા વિરોધ પક્ષનાનેતા ન બનાવાતાં નારાજ થયેલાવિઠ્ઠલ રાદડિયા અને તેમના ધારાસભ્ય પુત્ર જયેશ રાદડિયા ભાજપમાં જોડાયા હતા. અને વિઠ્ઠલ રાદડિયાએ ધોરાજી અને જયેશ રાદડિયાએ જેતપુર વિધાનસભા બેઠકના ધારાસભ્યપદેથી રાજીનામું ધરી દીધુ આમ, રાજ્યની લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો ખાલી પડી છે. આ ખાલી પડેલી લોકસભા અને વિધાનસભાની બેઠકોની સંભવત : આગામી મેમહિનાના બીજા સપ્તાહમાં પેટાચૂંટણી યોજવામાં આવે તેવીસંભાવના છે. જેના સંદર્ભેચૂંટણીપંચ દ્વારા આ પેટાચૂંટણીઓ માટે સંભળતઃ ૨૫ દિવસ પૂર્વે જાહેરનામું બહાર પાડવામાં આવેતેવી શક્યતા રહેલી છે. જેના લીધેઆ પેટા ચૂંટણી સંદર્ભના કાર્યક્રમથી આગામી બે-ત્રણ દિવસમાં જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા રહેલી છે તેમ સુત્રોએ જણાવ્યું હતું

## *પૂર્વ સંરક્ષણ સેવામાં જોડાવા માટે તાલીમનું આયોજન ૨૬ એપ્રિલ સુધીમાં હાજર થવાનું રહેશ*

*અમદાવાદઃ સોમવાર : આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરીદળો, પેરા મીલીટરી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વિગેરેમાં જોડાવા માંગતા ઉમેદવારોને ભરતી પૂર્વે શારિરીક/માનસિક ક્ષમતા માટેની ૩૦ દિવસની નિવાસી તાલીમનું આયોજન કરેલ છે. જેમાં અમદાવાદ જિલ્લાના ઉમેદવારો સંરક્ષણ દળોમાં ભરતી થવા માટે નિયત થયેલ શારિરીક યોગ્યતા, જરૂરી શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા ધરાવતા હોય તેવા ઉમેદવારોએ તા.૨૬-૪-૨૦૧૩ સુધીમાં મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી ખાતે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે. આ તાલીમમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, નકલો તથા ૨ નંગ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે હાજર રહેવું. આ અંગેની વધુ માહિતી માટે મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, ઓ-૪, ન્યૂમેન્ટલ કેમ્પસ, મેઘાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬ ખાતે રૂબરૂ અથવા ટેલિફોન નંબર ૨૨૬૮૧૦૨૧ ઉપર પ્રાપ્ત થઈ શકશે એમ મદદનીશ નિયામક(રોજગાર) અમદાવાદની યાદીમાં જણાવાયું છે.*